## દેશનાં લાખો યુવાનોનાં ડોકટર થવાનાં સપના પર પાણીઢોળ કરનાર

# NEET પરીક્ષાનાં પેપરલીક સહિતનાં ગોટાળાઓનાં અનેક રહસ્યો

**જે સવાલનાં જવાબ ન આવડે તે કોરા રખાયા પછી નિષ્ણાંતો એ જગ્યા ભરી દીધાનો કોંગ્રેસનો આક્ષેપ**

**સમગ્ર કૌભાંડ જયાં થયું તે ગોધરાની ઈન્ટરનેશનલ સ્કૂલનાં સંચાલક સામે તપાસ કરવી જરૂરી**

**ગોધરાની સ્કૂલનાં ટ્રસ્ટી ૧૨ મી માર્ચે દિલ્હી કોને મળવા ગયા તેની તપાસ જરૂરી**

**પરીક્ષાનું કૌભાંડ એક કેન્દ્ર કે રાજય પુરતુ નથી પરંતુ રાષ્ટ્રવ્યાપી હોવાનો આક્ષેપ**

અમદાવાદ, તા. ૨૭

મેડીકલ અભ્યાસક્રમ પ્રવેશ માટે લેવાતી નીટની પરીક્ષામાં પેપરલીક સહિતના ગોટાળાઓ ગેરરીતિ–ગોલમાલમાં એક પછી એક કાળા ચિઠ્ઠા સામે આવી રહ્યાં છે. ગોધરામાં લાખો રૂપિયા લઈને NEET પરિક્ષાર્થીઓના પેપર 'નિષ્ણાંતો'એ લખ્યા હતા, 'પેપર પેક' કરવા માટે ફાળવાયેલા અર્ધા કલાકમાંજ મોટા ખેલ પડયાઃ જે સવાલના જવાબ ન આવડે તે કોરા રાખવા વિદ્યાર્થીઓને કહેવાયુ હતુ, પછી નિષ્ણાંતોએ તે જગ્યા ભરી દીધી હતી. આ સમગ્ર કૌભાંડ જયાં થયુ તે ગોધરાની જલારામ ઈન્ટરનેશનલ સ્કુલના સંચાલક સામે તપાસ એજન્સી ગંભીરતાથી તપાસ કેમ કરતી નથી? તેવો ગંભીર પ્રશ્ન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, સરકારી ઈજનેરી કોલેજ તૈયાર હોવા છતાં ગોધરા ખાતેની જય જલારામ ઈન્ટરનેશનલ સ્કૂલને NEETનું પરીક્ષા કેન્દ્ર કેવી રીતે ફાળવણી કરવામાં આવી? જય જલારામ ઈન્ટરનેશનલ સ્કૂલના ટ્રસ્ટી દિક્ષિત પટેલ અમદાવાદથી દિલ્હી ૧૨મી માર્ચ કોને મળવા માટે ગયા હતા ? શું આ એક દિવસની દિલ્હી મુલાકાત કયા કયા વિશેષ વ્યકિતઓ સાથે મીટીંગ કરી ? કારણ કે તા. ૧૬મી માર્ચ NEETનું રજિસ્ટ્રેશન બંધ કરવામાં આવ્યું અને પાછળથી ખાસ કિસ્સામાં ૯મી એપ્રિલના રોજ વિન્ડો ખોલવામાં આવી હતી જેમાં માત્ર એકજ દિવસમાં ૨૪,૨૪૬ જેટલા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું આ પૈકીના કેટલા વિદ્યાર્થીઓ NEETમાં ટોપર થયા? કેટલા કવોલીફાઈડ થયા? NEET પરીક્ષાના દશ દિવસ પહેલા એટલે કે તા. ૨૫/૪/૨૦૨૪ ના રોજ વડોદરાથી દિલ્હી ખાસ એક દિવસ માટે દિલ્હીમાં કયા મહાનુભાવોને મળવા ગયા હતા? કયા અધિકારી–પદાધિકારી સાથે વિશેષ બેઠક કરી ? આ બન્ને વિશેષ મુલાકાત અંગે પણ તટસ્થ તપાસ થવી જોઈએ કારણ કે ગોધરાની જય જલારામ ઈન્ટરનેશનલ સ્કુલ જયાં NEET કૌભાંડ થયું ત્યાંના સેન્ટર ઈન્ચાર્જ અને વડોદરાની એજન્સીની પણ સાંઠગાંઠ સામે આવી છે.

ચોકકસ પરીક્ષાર્થીઓને પસંદગીના નાના સેન્ટરોના પરીક્ષા કેન્દ્રોની ફાળવણી નેશનલ ટેસ્ટીંગ એજન્સી (NTA) ની સાંઠગાંઠ વગર શકય બને નહીં તે તપાસનો વિષય છે. એવા કિસ્સા ધ્યાને આવ્યા છે કે પ્રથમ પ્રયાસમાં બે–ત્રણ લાખ જેવો રેન્ક મેળવનારા પરીક્ષાર્થીઓએ બીજા પ્રયાસમાં ૮૦૦૦ કે ૧૩૦૦૦ જેવો રેન્ક હાંસલ કરી લીધો હવે એટલું જ નહીં. પસંદગીના નાના સેન્ટરોમાંથી જ પરીક્ષા આપીને આ અસામાન્ય દેખાવ કર્યો હતો. પરીક્ષાર્થીઓને પસંદગીના સેન્ટર મળવાની ઘટના પણ તપાસનો વિષય છે. નીટની પરીક્ષા માટે અરજી કરવામાં આવે ત્યારે પરીક્ષાર્થીઓને પસંદગીના બે સેન્ટર પસંદ કરવાનો વિકલ્પ આપવામાં આવે છે.

એજન્ટો સાથે સાંઠગાંઠ ધરાવતા પરીક્ષાર્થીના ફોર્મ પણ એજન્ટો જ ભરે છે અને પરીક્ષાના વતનથી ઘણાં દુર–અંતરીયાળ–નાના સેન્ટર પસંદ કરે છે. સારો રેન્ક મળી જવાની ખાતરી આપે છે. જેમાં લાખો રૂપિયાની ગોઠવણો થવાનું સામે આવ્યું છે.

નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા કોમ્પ્યુટર આધારિત રેન્ડમ પધ્ધતિ જ અપનાવવામાં આવતી હોય છે. કોમ્પ્યુટર આધારિત પ્રક્રિયા જ અપનાવવામાં આવતી હોય છે. કોમ્પ્યુટર આધારિત પ્રક્રિયા હોય તો વિદ્યાર્થીઓને ચોક્કસ કેન્દ્રો કેવી રીતે મળી શકે તે ગંભીર સવાલ છે.

સમગ્ર દેશમાં વિદ્યાર્થી–વાલીઓ અને કોંગ્રેસ પક્ષ દ્વારા વ્યાપક જનઆંદોલન બાદ કેન્દ્ર સરકારે નીટની પરીક્ષાના વિવાદ વચ્ચે સમગ્ર તપાસ સીબીઆઈને સોંપી દેવામાં આવી છે. આ સમગ્ર કૌભાંડમાં ગુજરાત, બિહાર તથા ઝારખંડના કનેકશન ખુલ્યા જ છે. પરીક્ષા સેન્ટર, ખાનગી કોચીંગ કલાસ અને પેપરલીક કરનારાઓની સાથે વિદ્યાર્થીઓની ચોંકાવનારી સાંઠગાંઠ સામે આવી છે. ચોક્કસ પરીક્ષાર્થીઓને એમ કહેવામાં આવ્યું હતું કે, 'પરીક્ષાના પેપરમાં જેટલા પ્રશ્નોના જવાબ આવડતા હોય તેટલા લખવા, બાકીના પ્રશ્નો કોરા રાખી દેવા' પરીક્ષા પૂર્ણ થયા બાદ પેપર પેક કરવા માટે અર્ધી કલાકનો સમય હોય છે અને તે દરમ્યાન પરીક્ષા કેન્દ્રના ડેપ્યુટી સુપ્રીટેન્ડેન્ટ દ્વારા પરીક્ષાઓમાં નહીં આવડેલા સવાલના જવાબ લખી દેવાની ગોઠવણ થઈ હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ તુર્ત આન્સર કી જાહેર થતી હોય છે અને તે પહોંચાડવાની જવાબદાર કોચીંગ કલાસ સંચાલકોએ ઉપાડી હતી.

નિષ્ણાંતોના માનવા પ્રમાણે નીટનો આ ગોટાળો કોઈ એક સેન્ટર કે રાજયના બદલે રાષ્ટ્રવ્યાપી હોવાનું એક પછી એક તપાસમાં સામે આવી રહ્યું છે. ત્યારે NEET ની પરીક્ષામાં થયેલ ગેરરીતિ–ગોલમાલની સંપૂર્ણ તપાસ કરવામાં આવે જેથી મહેનત કરનાર ગરીબ–સામાન્ય– મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને ન્યાય મળે અને કૌભાંડ કરનારાઓને કડકમાં કડક સજા થાય.

## લીલીયા મોટા ખાતે રઘુવીર સેના દ્વારા સરસ્વતી સન્માન સમારંભ યોજાયો



લીલીયા મોટા, તા. ૨૭

લીલીયા મોટા ખાતે શ્રી રઘુવીર સેના તથા શ્રી લોહાણા સમાજ દ્વારા લોહાણા સમાજનાં દરેક તેજસ્વી બાળકોને પ્રોત્સાહિત કરવા તેમજ શિક્ષણમાં વ્યાપ વધારવા શિક્ષણ વિશે ધવલભાઈ ભીમજીયાણી દ્વારા માર્ગદર્શન આપેલ તેમજ લોહાણા સમાજનાં બાળકો શિક્ષણનાં તમામ ક્ષેત્રોમાં આગળ વધે અને પ્રગતિનાં સોપાન સર કરે અને લોહાણા સમાજનું ગૌરવ વધારે તેવા શુભ હેતુથી આ સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં અંતે ભોજન પ્રસાદનું પણ આયોજન રાખવામાં આવેલ. જેમનાં દાતા સ્વ. જયંતીભાઈ પી. રવાણી પરિવાર દ્વારા યોગદાન મળેલ તેમજ બાળકોને ભેટ કીટના દાતા હંસાબેન હિતેશભાઈ કારીયા દ્વારા યોગદાન મળેલ આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી રઘુવીર સેના તથા શ્રી લોહાણા મહાજનનાં કાર્યકર દ્વારા સુંદર આયોજન જલારામ બાપાની કૃપાથી પૂર્ણ થયેલ. આ કાર્યક્રમ સફળ બનાવવા અમરેલી શ્રી રઘુવીર સેનાના પ્રમુખ ઉપપ્રમુખ તેમજ તમામ ટીમ દ્વારા યોગ્ય સહકાર મળેલ હોય. આ તકે સર્વેને લીલીયાનાં લોહાણા સમાજ આભાર સાથે હર્ષની લાગણી વ્યક્ત કરી રહ્યો છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## શાળા પ્રવેશોત્સવનાં તાયફા કરવાને બદલે અમરેલી જિલ્લાની સરકારી શાળાઓમાં શિક્ષકો અને ઓરડાઓની સમસ્યા દુર કરો

**તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીનું નિવેદન**

અમરેલી, તા. ૨૭

ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું શાસન છે અને ભાજપના શાસનમાં માત્રને માત્ર તાયફાઓ સિવાય કશું થયું નથી. ભાજપનાં રાજમાં ગુજરાતમાં શિક્ષણ ખાડે ગયું છે. સમગ્ર ગુજરાત રાજયમાં સરકારી શાળાઓની હાલત ખુબ જ દયનીય પરિસ્થિતિમાં છે. હાલમાં સમગ્ર ગુજરાત રાજયમાં ૭૦૦ કરતા વધારે સરકારી પ્રાથમિક શાળામાં માત્રને માત્ર એક શિક્ષક જ ભણાવે છે, ૪૦,૦૦૦ કરતા વધારે શિક્ષકોની ઘટ છે. ત્યારે આમાં કયાંથી ભણશે ગુજરાત ? ૧૪૬૧ સરકારી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક જ વર્ગખંડ છે. જયારે ૩૮,૦૦૦ વર્ગખંડની અછત છે, ૧૦,૬૯૮ વર્ગખંડ જર્જરીત છે, તો આમા વિદ્યાર્થીઓ કયાં બેસીને ભણશે ? સમગ્ર ગુજરાતમાં ૭૫૯૯ શાળાઓ છાપરાવાળી છે તથા ૫૪૩૯ શાળાઓને કમ્પાઉન્ડ વોલ પણ નથી અને ૮ શાળા લાઈટ વગરની છે, સમગ્ર ગુજરાતમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૬ થી ૮ માં ૨,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને વાંચતા–લખતા આવડતું નથી, એક બાજુ ગુજરાત સરકાર રમત–ગમતને મહત્વ આપે છે. તો બીજી બાજુ સરકારી પ્રાથમિક શાળાઓમાં પી.ટી.શિક્ષકની કાયમી ભરતી કરવામાં આવતી નથી, ગુજરાત સરકાર કોમ્પ્યુટર શિક્ષણ ફરજિયાત કરે છે. પરંતુ સરકારી શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષકની કાયમી ભરતી કરવી નથી, સરકારી પ્રાથમિક શાળાઓમાં યોગ શિક્ષક, લેબ શિક્ષક, ચિત્ર ઉદ્યોગના શિક્ષક, વગેરે જેવા મહત્વનાં વિષયોના શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, શાળાઓ શરૂ થઈ ગયા બાદ એક મહિના સુધી પાઠયપુસ્તકો પણ વિદ્યાર્થીઓને મળતા નથી, ગુજરાત રાજયની મોટાભાગની સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પીવા માટેનું શુદ્ધ પાણી પણ મળતું નથી. ટોયલેટની સુવિદ્યાઓ પણ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી, ઘણી શાળાઓમાં રમત–ગમતના મેદાનો પણ નથી તો આમાં કયાંથી રમશે ગુજરાત અને જીતશે ગુજરાત? ભાજપના રાજમાં સમગ્ર ગુજરાત રાજયમાં ૩૦૦૦ કરતા વધારે સરકારી પ્રાથમિક શાળાઓ બંધ થઈ ગયેલ છે અને સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશિયો પણ વધી ગયો છે, ત્યારે ભાજપનાં નેતાઓ પ્રવેશોત્સવનાં નામે કરોડો રૂપિયાનો ધુમાડો કરીને માત્રને માત્ર તાયફાઓ કરે છે, તો આમ ગુજરાતમાં શિક્ષણને ખાડે લઈ જવાનું કામ ગુજરાતની ભાજપ સરકાર કરી રહી છે.

## અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જિજ્ઞેશ કાલાવાડિયાનો આજે જન્મ દિવસ



અમરેલી, તા. ૨૭

અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિનાં યશસ્વી રાષ્ટ્રીય અધ્યક્ષ અને અનેક સામાજિક – સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા પત્રકાર જગતનાં દિગ્ગજ એવા જિજ્ઞેશભાઈ કાલાવડિયા નો આજે જન્મદિવસ છે. ૨૮ જૂન,૨૦૨૪ નાં રોજ યશસ્વી જીવન નાં ૪૭ વર્ષ પૂર્ણ કરનાર જિજ્ઞેશ કાલાવડિયા એ તેમનાં સંઘર્ષ મય જીવનમાં અનેક ક્ષેત્રે ખેડાણ કરી ને લાખો યુવાનો માટે પથ દર્શક ની ભૂમિકા નિભાવી છે. પત્રકાર સુરક્ષા કાનૂન ની માંગ સાથે દેશભર માં તેઓ પત્રકારો ની આર્થિક–સામાજિક અને શારીરિક સુરક્ષા હેતુ અભિયાન ચલાવી રહ્યા છે જે અંતર્ગત છત્તીસગઢ સરકારે પત્રકાર સુરક્ષા કાનૂન લાગુ કરેલ છે અને બીજા અનેક રાજયોમાં તે વિચારાધીન છે. તેઓએ દૈનિક લોક સમર્થન, હિન્દી દૈનિક લોક સ્વામી અને દૈનિક સૈરાષ્ટ્ર આસપાસ નાં તંત્રી તરીકે પત્રકાર જગતમાં ઈન્વેસ્ટીગેટીવ જર્નાલિઝમમાં નોંધપાત્ર કામગીરી કરેલી છે. લોક સમર્થન દૈનિકનાં માધ્યમ થી સૈરાષ્ટ્ર નાં અનેક કૈભાંડો તેઓએ ઊજાગર કર્યા છે. શહીદ ભગતસિંહ ની વિચારધારા ને વરેલા હોય તેઓ 'ભગતસિંહ ક્રાંતિ દળ' અને 'ગુજરાત યુવા પરિષદ' માધ્યમથી સતત યુવાનોમાં રાષ્ટ્રવાદી અને ક્રાંતિકારી વિચારધારાનાં પ્રચાર પ્રસારનું કામ કરી રહ્યા છે. હાલમાં તેઓ રાજકોટ અને ગાંધીનગર થી પ્રસિદ્ધ થતાં દૈનિક 'ચક્રવાત' નાં મેનેજિંગ તંત્રી અને રાજકોટ થી પ્રસિદ્ધ થતાં હિન્દી દૈનિક 'ન્યાય કા પ્રહરી' માં એસોસિયેટ એડિટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમનાં જન્મદિન પર આજે દેશ – વિદેશ માં ફેલાયેલા તેમનાં વિશાળ મિત્ર વર્તુળ અને શુભેચ્છકો તરફથી તેઓને તેમનાં મોબાઈલ નં.૯૮૨૫૦૨૦૦૬૪ પર શુભેચ્છા સંદેશ મળી રહ્યા છે.

## બોગસ ટેલીફોન એક્ષચેન્જનાં ગુન્હામાં સલડીનાં ત્રિલોકપતી પ્રા.લી.ના ભાગીદારોને નિર્દોષ જાહેર કરાયા

**એડવોકેટ પાઠકની દલીલો સફળ**

લીલીયા મોટા તા. ૨૭

લીલીયા તાલુકાના ગોઢાવ દર સલડીગામ વચ્ચે આવેલ ત્રિલોક પતી ફુડ પ્રોસેસીંગ પ્રા.લી ના ભાગીદારો સ્વ. કેહુરભાઈ ભેડા (સદસ્ય જીલ્લા પંચાયત) હિમતભાઈ અરજીભાઈ ગજેરા તથા પિયુષભાઈ હિંમતભાઈ ગજેરા તથા મહેશસીંગ રંદલસીંગ કાર્કી વિગેરે સામે બોગસ ટેલીફોન એકસચેન્જ ઉભુ કરી ઈન્ટરનેશનલ લોકોને ને લોકલ કોલમાં ફેરવી ટેલીફોન ખાતાને આશરે ચારલાખ રૂપિયાનું નુકશાન કરી ગુન્હો કરતા લીલીયા પોલીસમાં આ અકામના આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી.કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૧૨૦બી તથા આઈ.ટી.એકટની કલમ ૩૬ ડી તથા ઈન્ડીયન ટેલીફોન એકટની કલમ ,૨૦ તથા ઈન્ડીયન વાયરલેસ ટેલીગ્રાફી એકટની કલમ ૧–એ મુજબ ગૂનહો નોંધાતા અને આદલતમા ચાર્ઝશટ દાખલ થતા ફોજદારી કેસ નં ૨૪૬/૨૦૧૫ ચાલી જતા આ કામે ધારાશાસ્ત્રી કિશોર પાઠક નીદલીલો તથા ટેકનીકલ વિષય પરની ખાસ દલીલો ધ્યાને લઈ ગ્રાહય રાખી આરોપીને છોડી મુકેલ છે.



## ડો. મિરલ શિંગાળા સહિતની ટીમે ભારે જહેમત ઉઠાવતાં અમરેલીની શાંતાબા હોસ્પિટલમાં માત્ર ૧.૨ હિમોગ્લોબીન ધરાવતા બાળકની સફળ સારવાર

**બાળકનાં પિતાએ ડોકટર ટીમનો આભાર માન્યો**



અમરેલી, તા. ૨૭

વિગત એવા પ્રકારની છે કે, અનીડા ગામના ૩ વર્ષીય બાળક નંદીના ગોંવિદભાઈ માવસ્યાને કંજેકટીવ કાર્ડિયાક ફેલિઅર અને સિકલસેલ એનીમીયા જેવા લક્ષણો સાથે શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે સારવાર માટે આવતા તેનું એચ.બી. ૧.૨% હોવાનું રિપોર્ટમાં આવેલ હતું. દર્દીને શ્વાસમાં તકલીફ થતા તેને સતત બે દિવસ સુધી ઓકસીજન પર રાખવામાં આવેલ હતું અને બે બોટલ લોહીની જરૂરિયાત ઉભી થઈ હતી. નિષ્ણાંત ડો. મિરલ સીંગાળા દ્વારા યોગ્ય સારવાર અપાતા તા. ૨૭/૬/૨૦૨૪ ના રોજ બાળકને શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલીમાંથી રજા આપવામાં આવેલ હતી. રજાના બાળકનું એચ.બી. ૮% હોવાનું જણાયું હતું. બાળકના પિતા ગોવિંદભાઈ માવસ્યાએ બાળકોના વિભાગના ડો.મિરલ શિંગાળા ડો.શૈલેષ સુદાણી, ડો. ગૌરાંગ સુહાગીયા તથા બધા નર્સિંગ સ્ટાફ અને ગજેરા ટ્રસ્ટનો આભાર વ્યકત કર્યો હતો.

# રાજપીપળા : ગજેરા વિધાભવન કતારગામની વિદ્યાર્થીનીઓ NCC કેમ્પની મુલાકાતે







NCC ગુજરાત ૬ ગર્લ્સ બટાલિયન અંતર્ગત ગજેરા વિદ્યાભવન કતાર ગામની ૨૩ વિદ્યાર્થીનીઓ તારીખ ૧૬ જૂન ૨૦૨૪ ના રોજ રાજપીપળા મુકામે દસ દિવસ ગઈઈ કેમ્પમાં ગઈ હતી. જેમાં NCC ને લગતી વિવિધ ટ્રેનિંગો તેમજ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ કરી ૧૦ શાળાઓ અને પાંચ કોલેજોમાંથી ઓવરઓલ ચેમ્પિયનશિપ પ્રાપ્ત કરી ગજેરા વિદ્યાભવનનું નામ રોશન કર્યું હતું. આ NCC ની ટ્રેનિંગ દરમિયાન વિદ્યાર્થીનીઓ જીવનલક્ષી પાઠો શીખી હતી. કલ્ચરર એકિટવિટી કરી હતી, સ્પોટર્સ એકિટવિટી કરી હતી, ડ્રોઈંગ તેમજ વક્તૃત્વ સ્પર્ધા, રાયફલ શૂટિંગ, યોગ અને ટ્રેકિંગ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરી સર્વશ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. કેમ્પ દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે પણ લઈ જવામાં આવ્યા હતા. NCCના ઓફિસર્સ દ્વારા ખૂબ જ સારી ટ્રેનિંગ મેળવી બાળકોએ પોતાની સ્કિલ બતાવી હતી. કેમ્પ પૂર્ણ કર્યા બાદ શાળાના કોન્ફરન્સ હોલમાં વિદ્યાર્થીઓના પ્રતિભાવો લેવામાં આવ્યા હતા. જેમાં તમામ વિદ્યાર્થીનીઓએ દસ દિવસ દરમિયાન જે અનુભવ પ્રાપ્ત કર્યો હતો તે શાળાની વિદ્યાર્થીનીઓ સમક્ષ પ્રસ્તુત કર્યો હતો જે ખૂબ જ સુખદાયક હતો. આ તાલીમ તેમને જીવંત પર્યત યાદ રહેશે તેઓ પ્રતિભાવ જોવા મળ્યો હતો. દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના વિદ્યાર્થીનેઓમાં ડેવલપ થઈ હતી. આ સમગ્ર તાલીમ વિદ્યાર્થીનીઓના કોચ યામીની મેડમના સુકાની હેઠળ થઈ હતી. આમ, ગજેરા વિદ્યાભવન કતારગામની વિદ્યાર્થીનીઓ NCC કેમ્પમાં અગ્રેસર રહી હતી તે બદલ શાળાના આચાર્ય તેમજ શાળાના ટ્રસ્ટી ચુનીભાઈ ગજરાએ અભિનંદન પાઠવ્યા હતા.

## જિલ્લા કલેકટર અજય દહિયાએ અકાળા પ્રાથમિક શાળામાં બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો

# દીકરીઓ અધવચ્ચે શિક્ષણ ન છોડે તે માટે સહિયારો પ્રયત્ન જરૂરી

બાલવાટિકામાં કન્યા અને કુમાર સહિત ૨૬, આંગણવાડીમાં ૪ અને ધો. ૧માં ૪ ભુલકાઓનો પ્રવેશ

ધો. ૯માં ૧૧ કન્યા, ૧૧ કુમાર સહિત ૨૨ બાળકોને શાળામાં સહર્ષ આવકાર

જિલ્લા કલેકટરનાં હસ્તે પ્રવેશપાત્ર સૌ ભુલકાઓને બેગ અને કિટનું વિતરણ

શિક્ષણપ્રેમી દાતાઓ, શાળાનાં પ્રતિભાશાળી બાળકોને સન્માનિત અને વૃક્ષારોપણ કરાયું



અમરેલી, તા. ૨૭

દેશની વિકાસ પ્રક્રિયામાં શિક્ષાક્ષેત્રનો ખૂબ મોટો અને મહત્વનો ફાળો છે. કન્યા કેળવણી થકી શ્રેષ્ઠ સમાજની સાથે શ્રેષ્ઠ વિકસિત રાષ્ટ્રના નિર્માણનું સોનેરી સ્વપ્ન સાકાર થાય છે. કન્યા કેળવણી મહોત્સવ–શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ ૨૧માં તબક્કાના બીજા દિવસે મનોરમ્ય વાતાવરણમાં અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાએ અકાળા પ્રાથમિક શાળા ખાતે બાલવાટિકા, આંગણવાડી અને ધોરણ ૧ના ભૂલકાંઓને ઉત્સાહભેર પ્રવેશ કરાવ્યો હતો.

આંગણવાડીમાં ૪ કન્યા અને ધોરણ ૧માં કુમાર–કન્યા સહિત ૪ ભૂલકાંઓએ હર્ષભેર પા પા પગલી માંડી, ધોરણ ૯માં ૧૧ કન્યા, ૧૧ કુમાર સહિત ૨૨ બાળકોએ શાળા પ્રવેશ કર્યો હતો. અમરેલી જિલ્લા કલેકટર દહિયાના હસ્તે પ્રવેશપાત્ર સૌ ભૂલકાંઓને સ્કૂલ બેગ સહિત શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં શાળામાં વિવિધ પ્રકારે પોતાનું 'ફુલ નહિ તો ફુલની પાંખડી' સ્વરૂપ યોગદાન આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાનાં પટાંગણમાં સરપંચ અને જિલ્લા કલેકટરના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ.

અકાળા પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી–શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ પ્રસંગે જિલ્લા કલેકટર અજય દહિયાએ જણાવ્યુ કે, ભારત દેશ વિકાસપથ પર આગળ ધપી રહ્યો છે ત્યારે શ્રેષ્ઠ સમાજના નિર્માણ માટે કન્યા કેળવણી કેન્દ્ર સ્થાને છે, દીકરીઓ શાળાકીય શિક્ષણ અધવચ્ચે ન છોડે તે માટે સૌએ સહિયારા પ્રયત્ન કરવા જરૂરી છે.

વધુમાં જણાવ્યુ કે, બાળકોએ શૈક્ષણિક અભ્યાસની સાથે સાંસ્કૃતિક, રમત ગમત સહિતની ઈત્તર પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લેવો જોઈએ. સરકારની વિવિધ શૈક્ષણિક પ્રોત્સાહન યોજનાઓના માધ્યમથી વિદ્યાર્થીઓને મદદ મળી રહી છે. વિજ્ઞાનનું વિ વિસ્તરી રહ્યું છે ત્યારે વિજ્ઞાન અને ટેકનોલોજી સહિતના વિષયોમાં બાળકોનો રસ વધે તે આવશ્યક છે.

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના પરિણામે રાજયમાં શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ સર્જાઇ છે. ગુજરાતમાં છેલ્લાં ૨૦ વર્ષ દરમિયાન બાળકોના નામાંકનનો દર ૧૦૦ ટકાની નજીક પહોંચ્યો છે.

અકાળા પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી–શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ કાર્યક્રમમાં ગામના સરપંચ, ગ્રામ પંચાયત સભ્યો, શાળાના આચાર્ય, શિક્ષકો, બહોળ ી સંખ્યામાં ગ્રામજનો સહિત શાળાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા.






## સાવરકુંડલાને રીવરફ્રન્ટની નહી બલ્કે આધુનિક હોસ્પિટલ અને શાળાની જરૂર

વીજપડી, તા. ૨૭

સાવરકુંડલામાં ધારાસભ્ય ધ્વારા ૨૫ કરોડનાં રિવરફ્રન્ટ પર નિર્મળ વાટલિયાએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, સાવરકુંડલાની જનતાને ખરેખર આધુનિક સુવિધાથી સજજ હોસ્પિટલ તથા આરોગ્યની સગવડતાની જરૂરિયાત છે નહિ કે રિવરફ્રન્ટની. આજે વિસ્તારની જનતાને આરોગ્યગત સુવિધા માટે દૂરનાં શહેરોમાં જવું પડી રહ્યું છે. જનતાને એમઆરઆઈ કે સિટી સ્કેન જેવી સુવિધા માટે રાજકોટ સુધી જવું પડી રહ્યું છે. ઉપરાંત પ્રાથમિક આરોગ્યની સુવિધાના કેન્દ્રની સુવિધાની પણ ઉણપ છે તથા પાયાગત સુવિધામાં સિંચાઈના પાણીની અસુવિધા, સિંચાઈમાં વીજળીની અસુવિધા, રોડ–રસ્તા તથા વિસ્તારનાં યુવાનોએ ઉચ્ચ શિક્ષણ જેવા કે ઈજનેરી, મેડિકલ, કોમર્સ જેવા વિષયોના અભ્યાસ માટે મોટા શહેરો તરફ ઉચ્ચ ફી ભરીને જવું પડી રહ્યું છે. તથા યુવાનો ગામડા છોડીને શહેરો તરફ પલાયન કરી રહ્યા છે ત્યારે ભારતની કરોડરજ્જુ સમાન ભારતના ગામડા ખાલી થઈ રહ્યા છે. ત્યારે આ રિવરફ્રન્ટ કરતા સાવરકુંડલાને તથા જનતાને ખરેખર પાયાગત સુવિધાની જરૂરિયાત છે તેમ નિર્મળ વાટલિયાએ જણાવ્યું છે.

### મેઘરાજા મહેરબાન ન થતાં ચિંતાનો માહોલ

## બગસરામાં વરસાદ ખેંચાતા વેપારીઓએ માંડલીકના પાળીયાની પુજા કરી

### જગતાત ગણાતા ખેડૂતો સહિત સૌ કોઈ ચિંતાતુર

બગસરા, તા. ૨૭

બગસરામાં વર્ષોથી બગસરા વાસીઓ દ્વારા ઉનાળો પૂર્ણ થતા ચોમાસાની શરૂઆત થતા જ સારા વરસાદ પડે તે હેતુથી સાતલડી નદી પર આવેલ માંડલીકના પાળીયા ને સિંદોર કરી દીવા અગરબત્તી તથા શ્રીફળ વધેરી બગસરામાં પત્રકારો દ્વારા સાતલડી નદી ઊંડી કરવામાં આવી છે જે ખાલી હોય અને વઢણદેવને રિઝવવા માટે રામાંડલીકને પ્રાર્થના કરવામાં આવી એ સારો વરસાદ થાય અને સાતલડી નદી બે કાંઠે વહેતી થાય અને તમારા ઉપર જળ અભિષેક થાય તે માટે બગસરા


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

ના ખેડૂતો વેપારીઓ આ વરસાદ સારો આવે તેના માટે ચિંતા માંથી મુક્ત થાય તે હેતુથી માથું ટેકવીને આ પ્રાર્થના કરવામાં આવી હતી આ તો કે વેપારીઓ મહેશભાઈ માંડલીયા પત્રકાર સમીરભાઈ વિરાણી કાનજીભાઈ પરમાર હરેશભાઈ ભદ્રેશડા દિનેશભાઈ હડિયલ અર્જુનભાઈ કુંભાર વગેરે હાજર રહ્યા હતા.



























### તબિયત ખરાબ થતાં એઈમ્સમાં થયા હતા દાખલ

# લાલકૃષ્ણ અડવાણીને અંતે હોસ્પિટલમાંથી રજા અપાઈ

## અડવાણીનું સમય-સમય પર ઘરે ચેક-અપ કરવામાં આવે છે

નવી દિલ્હી, તા.૨૭

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી ડિસ્ચાર્જ થઈને ઘરે આવી ગયા છે. ૯૬ વર્ષિય અડવાણીને બુધવારે મોડી રાતે દિલ્હીની એઈમ્સમાં દાખલ કર્યા હતા. જ્યાં તેમને સારવાર બાદ બપોરે રજા આપી દેવામાં આવી છે. એઈમ્સના એમએસ ડો. સંજય લાલવાની તરફથી આપવામાં આવેલી જાણકારીમાં કહેવાયું છે કે, પૂર્વ નાયબ વડાપ્રધાન અડવાણીની હાલત સ્થિર થયા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. ડો. લાલવાનીએ કહ્યું કે, યૂરોલોજી સંબંધિત અમુક તકલીફોના કારણે પૂર્વ નાયબ વડાપ્રધાનને એઈમ્સના જૂના ખાનગી વોર્ડમાં ભારતી કરાવ્યા હતા, જ્યાં યૂરોલોજી વિભાગના ડોક્ટર્સની દેખરેખમાં રાખવામાં આવ્યા. હાલમાં અડવાણીની હાલત સ્થિર છે અને તેઓ ઠીક છે. ભાજપના વરિષ્ઠ નેતા અને દેશના પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીને બુધવારે રાત્રે દિલ્હીની એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના પરિવારના જણાવ્યા



અનુસાર, અડવાણીને વૃદ્ધાવસ્થા સંબંધિત સમસ્યાઓના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમની સ્થિતિ સ્થિર છે. અડવાણીને જેરીયાટ્રીક વિભાગના ડોક્ટરની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે.હકીકતમાં, ૯૬ વર્ષીય લાલકૃષ્ણ અડવાણી વય-સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, તેથી સમય-સમય પર તેમનું ઘરે ચેક-અપ કરવામાં આવે છે. પરંતુ બુધવરે રાત્રે તેમને થોડી સમસ્યા થઈ, જેના પછી તરત જ તેમને એઈમ્સમાં લઈ જવામાં આવ્યા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાએ એઈમ્સના ડાયરેક્ટર એમ શ્રીનિવાસ સાથે ફોન પર વાત કરી અને અડવાણીના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી. તેમણે અડવાણીના પુત્ર જયંત અને પુત્રી પ્રતિભા સાથે પણ ફોન પર વાત કરી હતી.ઉલ્લેખનીય છે કે, આ વર્ષે ૩૦ માર્ચે લાલકૃષ્ણ અડવાણીને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન એનાયત કરવા બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે, આ માત્ર તેમના માટે જ નહીં, પરંતુ તેમના આદર્શો અને સિદ્ધાંતો માટે પણ સન્માન છે. અગાઉ વર્ષ ૨૦૧૫માં અડવાણીને દેશના બીજા સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મ વિભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

### સંસદની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિ મુર્મૂએ કહી મોટી વાત

# પેપર લીકના ગુનેગારોને સજા અપાવવા સરકાર પ્રતિબદ્ધ

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું, આ વિશ્વની સૌથી મોટી ચૂંટણી હતી, લગભગ ૬૪ કરોડ મતદારોએ ઉત્સાહ અને ઉમંગ સાથે પોતાની ફરજ બજાવી છે

નવી દિલ્હી, તા.૨૭

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગુરુવારે લોકસભા અને રાજ્યસભાના સંયુક્ત ગૃહને સંબોધિત કર્યું હતું. ૧૮મી લોકસભાની રચના બાદ રાષ્ટ્રપતિનું આ પ્રથમ સંબોધન છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું, હું ૧૮મી લોકસભાના તમામ નવા ચૂંટાયેલા સભ્યોને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ આપું છું. તમે બધા મતદારોનો વિશ્વાસ જીતીને અહીં આવ્યા છો. દેશ સેવા અને લોકોની સેવા કરવાની તક બહુ ઓછા લોકોને મળે છે. આ સાથે મુર્મૂએ પેપર લીક મામલે પણ મોટી વાત કરી હતી.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું, આવનારો સમય ગ્રીન એરાનો છે. સરકાર પણ આ માટે દરેક જરૂરી પગલાં લઈ રહી છે. અમે ગ્રીન ઈન્ડસ્ટ્રીઝમાં રોકાણ વધારી રહ્યા છીએ, જેના કારણે ગ્રીન જોબ્સમાં પણ વધારો થયો છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું, આ વિશ્વની સૌથી મોટી ચૂંટણી હતી. લગભગ ૬૪ કરોડ મતદારોએ ઉત્સાહ અને ઉમંગ સાથે પોતાની ફરજ બજાવી છે. આ વખતે પણ મહિલાઓએ ઉત્સાહભેર મતદાનમાં ભાગ લીધો છે. જમ્મુ-કાશ્મીરમાંથી પણ આ ચૂંટણીનું ખૂબ જ સુખદ ચિત્ર સામે આવ્યું છે. કાશ્મીર ખીણમાં મતદાનના દાયકાઓનો રેકોર્ડ તૂટી ગયો છે. આ સાથે ચૂંટણીની વિશ્વભરમાં ચર્ચા થઈ હતી.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, મારી સરકાર અર્થવ્યવસ્થાના ત્રણેય સ્તંભો — ઉત્પાદન, સેવાઓ અને કૃષિને સમાન મહત્વ આપી રહી છે. PLI યોજનાઓ અને વ્યવસાય કરવાની સરળતા મોટા પાયે રોકાણ અને રોજગારની તકો વધારી રહી છે. પરંપરાગત ક્ષેત્રોની સાથે, સૂર્યોદય ક્ષેત્રોને પણ મિશન મોડ પર પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.રાષ્ટ્રપતિએ કહ્યું કે, સુધારા, પ્રદર્શન અને પરિવર્તનના સંકલ્પે આજે ભારતને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનાવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, છ દાયકા બાદ દેશમાં પૂર્ણ બહુમતવાળી સ્થિર સરકાર બની છે. લોકોએ આ સરકારમાં ત્રીજી વખત વિશ્વાસ વ્યક્ત કર્યો છે. લોકો જાણે છે કે માત્ર આ સરકાર જ તેમની આકાંક્ષાઓ પૂરી કરી શકે છેપ ૧૮મી લોકસભા ઘણી રીતે ઐતિહાસિક લોકસભા છે. તેમણે કહ્યું, આ લોકસભાની રચના અમૃતકલના શરૂઆતના વર્ષોમાં થઈ હતી. આ લોકસભા પણ દેશના બંધારણને અપનાવવાના ૫૬મા વર્ષની સાક્ષી બનશેપઆગામી સત્રોમાં, આ સરકાર તેના કાર્યકાળનું પ્રથમ બજેટ રજૂ કરવા જઈ રહી છે. આ બજેટ સરકારની દૂરગામી નીતિઓ અને ભાવિ વિઝનનો અસરકારક દસ્તાવેજ બની રહેશે. આ બજેટમાં મોટા આર્થિક અને સામાજિક નિર્ણયોની સાથે અનેક ઐતિહાસિક પગલાં પણ જોવા મળશે. હાલ NEET જેવા પેપરો લીક થયા છે ત્યારે પેપર લીકના મામલે રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ તેમના સંબોધનમાં પેપર લીકનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું, 'સરકાર પેપર લીકની ઘટનાઓની નિષ્પક્ષ તપાસ કરવા અને દોષિતોને કડક સજા આપવા માટે પ્રતિબદ્ધ છે. અગાઉ પણ ઘણા રાજ્યોમાં પેપર લીકની ઘટનાઓ બની છે. પક્ષીય રાજકારણથી ઉપર ઉઠીને આ મુદ્દે દેશવ્યાપી નક્કર પગલાં લેવાની જરૂર છે. ૧૮મી લોકસભાની રચના બાદ સંસદની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિ મુર્મુનું આ પ્રથમ સંબોધન છે. નવી લોકસભાનું પ્રથમ સત્ર સોમવારે શરૂ થયું. રાજ્યસભાનું ૨૬૪મું સત્ર આજે એટલે કે ગુરુવારથી શરૂ થશે.

### પેપરને લીક અંજામ આપતો સંજીવ મુખિયા

# NEET પેપર લીક કૌભાંડના મુખ્ય આરોપી સંજીવ મુખિયાની શોધખોળ

## પટનાથી ફ્લાઇટ લઇને ફક્ત બોક્સ તોડવા અમદાવાદ પહોંચ્યો હતો ડો.શુભમ, તપાસમાં ખૂલ્યા અનેક રાજ

નવી દિલ્હી, તા.૨૭

બિહાર પોલીસ છેલ્લા ઘણા સમયથી NEET પેપર લીક કૌભાંડના મુખ્ય આરોપી સંજીવ મુખિયાની શોધખોળ કરી રહી છે. ત્યારે CBI એ પેપર લીક કાંડના તમામ રીપોર્ટ અને પુરાવા EOU પાસેથી મેળવીને મુખ્ય આરોપી સંજીવ મુખિયાને દબોચવા માટે ટીમ લગાવશે. UP પોલીસ દ્વારા સિપાહી ભરતી પરીક્ષા પેપરલીકમાં પકડાયેલા આરોપી રવિ અત્રીના છેડા પણ સંજીવ મુખિયા સાથે જોડાયેલા હતા. જો સંજીવ મુખિયા પકડાઈ જાય તો ફક્ત NEET પેપર જ નહીં પરંતુ યૂપી પોલીસ કોન્સ્ટેબલ ભરતી, રિવેન્યૂ ઓફીસર ભરતી(RO/ARO) પેપર લીક, બિહાર શિક્ષક ભરતી (BPSC TRE 3.0) સહિતની ઘણી બધી પરીક્ષા લીકની સચોટ માહિતી મેળવી શકાશે. રવિ અત્રીની રીપોર્ટ પ્રમાણે, સંજીવ મુખિયા પેપર લીક કરવામાં સાતિર ખિલાડી છે. આરોપી રવિ અત્રી અને સંજીવ મુખિયાને ગેંગ એકબીજા સાથે જોડાયેલી હોવાના ખુલાસા થયા હતા. યૂપી પોલીસ કોન્સ્ટેબલની સિપાહી ભરતીના પેપર લીક કેસમાં યૂપીની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ દ્વારા રવિ અત્રી સહિત કુલ ૧૮ આરોપીઓ સામે યૂપી સિપાહી પેપર લીક કેસમાં ચાર્જસીટ દાખલ કરી હતી. ગ્રેટર નોઈડાનો રહેવાસી રવિ અત્રી પેપર લીક કરવામાં માહિર ખિલાડી હોવાનું જાણવા મળ્યું હતુ. જેમાં યૂપી પોલીસ સિપાહી ભરતીનું પેપર લીક રવિ અત્રી અને રાજીવ નયન મિશ્રાએ સાથે મળીને લીક કરાવ્યું હતું. UPSTSF એ ૧૦ એપ્રીલે મેરઠથી રવિ અત્રીની ધરપકડ કરીને જેલ ભેગો કર્યો હતો. યૂપી પોલીસ પેપર લીકના આરોપીની પૂછપરછ દરમિયાન તેઓએ સંજીવ મુખિયાનું નામ જણાવ્યું હતુ. આમ ઉત્તરપ્રદેશ પેપર લીક કૌભાંડ અને NEET ના પેપર લીક કરનારા તમામ આરોપી એકબીજા સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યું હતુ. રવિ અત્રીની ઈન્વેસ્ટિગેશન રીપોર્ટમાં કેટલાંક મહત્વપૂર્ણ ખુલાસા સામે આવ્યા હતા. જેમાં રવિ અત્રીએ જણાવ્યું હતુ કે, સંજીવ મુખિયાની ગેંગ પેપર લીક કરવામાં માહિર હોવાથી તેનું નેટવર્ટ યૂપી, બિહાર, ગુજરાત, દિલ્હી-NCR સહિતના રાજ્યોમાં છે. આમ સંજીવ મુખિયા બ્લુટૂથના માધ્યમથી અલગ અલગ પેપરને લીક કરવામાં અંજામ આપતો હતો. જેમાં તે બ્લૂટૂથની ખરીદી કરવામાં માટે ખાસ કરીને દિલ્હી આવતો હતો. સમગ્ર પેપર લીક કૌભાંડમાં સંજીવ મુખિયાની સાથે તેનો દિકરો શિવ કુમાર પણ સામેલ હતો. યૂપી પોલીસ કોન્સ્ટેબલ ભરતી પેપર લીકના કેસના મુખ્ય આરોપી રવિ અત્રીના સંબંધો સંજીવ મુખિયા અને અતુલ વત્સ સાથે હતો. સંજીવ મુખિયાના દિકરા શિવ કુમાર સાથે રવિ અત્રીએ અભ્યાસ કર્યો હતો. જ્યારે BPSC શિક્ષક ભરતી લીકના કિસ્સામાં શિવ કુમાર પહેલાથી જેલમાં છે. મળતી માહિતી પ્રમાણે, રવિ અત્રી ૧૨ પાસ કરીને જ્યારે મેડિકલની તૈયારી કરવા માટે કોટા ગયો હતો ત્યારે તેની મુલાકાત પેપર લીક માફિયાઓ સાથે થઈ હતી. ઉત્તરપ્રદેશ પોલીસ કોન્સ્ટેબલ ભરતી પેપર લીક કૌભાંડના માસ્ટરમાઈન્ડ રવિ અત્રીની ઈન્વેસ્ટિગેશનમાં તથ્યો સામે આવ્યાં હતા કે, સંજીવ મુખિયાની ગેંગ સીલબંધ પેપર બોક્સ તોડવામાં સાતિર છે. દેશમાં કોઈપણ જગ્યાએ સીલ કરેલા પેપર બોક્સને તોડવા માટે સંજીવ મુખિયાની ગેંગ એક્સપર્ટ છે. યૂપી પોલીસ કોન્સ્ટેબલ પેપર લીક કેસમાં સંજીવ મુખિયના સાથી ડોક્ટર શુભમ મંડલે પટનાતી ફ્લાઈટ પકડીને અમદાવાદમાં જઈને સીલબંધ પેપર બોક્સને તોડ્યું હતું.

### અમેરિકામાં મોંઘવારીએ ભારે કરી

# યુએસમાં ૬ આંકડામાં પગાર હોય તો પણ ઘર ચલાવવું મુશ્કેલ

## અમેરિકામાં ફુગાવો વધ્યો છે જેના કારણે સારી આવક ધરાવતા લોકો ઉપર પણ પ્રેશર આવી ગયું છે

વોશિંગ્ટન, તા.૨૭

અમેરિકાની જે ચમકદમક દેખાય છે અને જે વાસ્તવિક સ્થિતિ છે તેની વચ્ચે મોટો તફાવત હોય તેવું લાગે છે. અમેરિકામાં મોંઘવારી વધે તો ગરીબ કે મિડલ ક્લાસના માણસ માટે દિવસો કાઢવા મુશ્કેલ બની જાય તે તો સમજ્યા. પણ જેમને દર વર્ષે લાખો ડોલરમાં પેકેજ મળતું હોય તેવા લોકો પણ ક્યારેય ગરીબની જેમ બીક લાગી શકે? સીએનએનના એક અહેવાલમાં તો આવો જ દાવો કરાયો છે. તેમાં કહેવાયું છે કે અમેરિકામાં ધનિક લોકોને પણ બે છેડા ભેગા કરવામાં મુશ્કેલી નડી રહી છે.આ દાવો કોઈએ હવામાં નથી કર્યો પણ તેના નક્કર પૂરાવા છે. ફિલાડેલ્ફિયાની ફેડરલ રિઝર્વ બેંકે પોતાના નવા સરવેમાં કહ્યું છે કે અમેરિકામાં છ આંકડામાં પગાર ધરાવતા હોય તેવા દર ત્રણમાંથી એક વ્યક્તિનું કહેવું છે કે તેનું ગુજરાન બરાબર નથી ચાલતું. ધનિક લોકોને પણ પોતાની લોનના હપતા, લાઈટ અને ગેસ બિલ અને બીજા ખર્ચ કાઢવામાં આંખે અંધારા આવી જાય છે.આ સરવેમાં કહેવામાં આવ્યું છે કે વર્ષે એક લાખ ડોલર અથવા વધારે પગાર મેળવતા ૩૦ ટકા લોકોને એ વાતની બીક છે કે આગળનું વર્ષ કેવી રીતે જશે. એટલે કે તેમને નાણાકીય અનિશ્ચિતતા સતાવે છે. એટલે કે અત્યારે ૨૦૨૪માં મોટી સંખ્યામાં અમેરિકનો ફાઈનાન્શિયલ પ્રેશરમાં છે અને તેમણે પોતાના ખર્ચમાં કાપ મૂક્યો છે, ઘણા ધનાઢ્ય લોકોએ રેસ્ટોરન્ટમાં જમવા જવાનું બંધ કરી દીધું છે અથવા બાર અને રેસ્ટોરન્ટની વિઝિટ બંધ કરી દીધી છે. એન્ટરટેનમેન્ટ માટે જે ખર્ચ કરતા હતા તેમાં તો મોટો કાપ મૂક્યો છે.આ સરવેમાં બે વાતો ફિક્સ થાય છે. એક તો અમેરિકામાં મોંઘવારી વધી છે, ફુગાવો વધ્યો છે જેના કારણે સારી આવક ધરાવતા લોકો ઉપર પણ પ્રેશર આવી ગયું છે. બીજું, અમેરિકામાબોરોઈંગના દર પણ ઘણા વધી ગયા છે જેના કારણે સામાન્ય લોકોનું બજેટ ખોરવાઈ ગયું છે. તેઓ એક આવશ્યક ચીજ પાછળ ખર્ચ કરે તો બીજી ચીજને જતી કરવી પડે તેમ છે. હાયર ઈન્કમના બ્રેકેટમાં આવતા લોકો માટે પણ આ વાત સાચી સાબિત થાય છે. અમેરિકામાં વાર્ષિક એક લાખ ડોલરથી લઈને દોઢ લાખ ડોલર સુધીનો પગાર ધરાવતા ૩૦ ટકા લોકોએ કહ્યું કે તેમને આગામી છ મહિનામાં શું થશે તેની બીક છે. તેમને લાગે છે કે કદાચ બે છેડા ભેગા નહીં કરી શકાય. ફિલાડેલ્ફિયા ફેડરલ રિઝર્વનો આ રિસર્ચ છે અને તેમાં ૨૨ માર્ચથી ૬ એપ્રિલ વચ્ચે લોકોને સવાલો પૂછીને તેમનો મત લેવામાં આવ્યો હતો.આજથી એક વર્ષ અગાઉ ૨૧ ટકા ધનિક અમેરિકનોને લાગતું હતું કે તેમને બે છેડા ભેગા કરવામાં મુશ્કેલી પડી જવાની છે. એટલે કે અમેરિકામાં એક પ્રકારનો નિરાશાવાદ પેદા થયો છે. યુએસમાં વર્ષે દોઢ લાખ ડોલર કે વધારે આવક હોય તેવા ૩૨.૫ ટકા લોકોએ કહ્યું કે તેમને પોતાના બિલ ચૂકવવાની ચિંતા છે. એક વર્ષ અગાઉ માત્ર ૨૧ ટકા લોકો આવું માનતા હતા. નવાઈની વાત એ છે કે વાર્ષિક ૭૦ હજાર ડોલરથી ૯૯ હજાર ૯૯૯ ડોલર સુધીનો પગાર હોય તેવા લોકોને જે ફાઈનાન્શિયલ ચિંતા હતી તેવી જ ચિંતા ધનિક લોકોને પણ છે.યુએસમાં પણ જેઓ યંગ છે અને જેમની ઉંમર ૧૮થી ૩૫ વર્ષ વચ્ચે છે તેઓ પોતાની નાણાકીય સ્થિતિ અંગે વધારે ચિંતા કરે છે. યુવાન કહી શકાય તેવા ૪૧ ટકા લોકોએ કહ્યું કે પરિવારનો ગુજારો કેવી રીતે કરવો તે વાતની તેમને ચિંતા છે. જ્યારે ૬૫ વર્ષથી વધારે ઉંમર હોય તેવા ૨૨ ટકાએ કહ્યું કે તેમને આ વાતની ચિંતા સતાવે છે.એક લાખથી દોઢ લાખ ડોલર વચ્ચે વાર્ષિક પગાર હોય તેવા ૩૨ ટકા લોકોએ કહ્યું કે તેમને આગામી છ મહિનાથી લઈને ૧૨ મહિના સુધીની આવકની ચિંતા છે. જોકે, દરેક જગ્યાએ આવો નિરાશાવાદ છે એવું નથી. કેટલાકને એવી પણ આશા છે કે તેમની આવકમાં વધારો થશે. દોઢ લાખ ડોલરથી વધારે ઈન્કમ હોય તેવા ૪૦ ટકા લોકો માને છે કે આ વર્ષે તેમની આવક વધશે. એક વર્ષ અગાઉ માત્ર ૨૦ ટકા લોકોને આવી આશા હતી. તેના કારણે જ અમેરિકામાં દર વર્ષે ટ્રાવેલિંગનો ખર્ચ ઝડપથી વધતો જાય છે. એરપોર્ટ અને હાઈવેનો ડેટા દર્શાવે છે કે એક જ દિવસમાં એરપોર્ટ પર આવતા અથવા હાઈવે પર પ્રવાસ કરતા લોકોની સંખ્યા વધી છે. એટલે કે અમેરિકનો ભારે ટ્રાવેલ કરી રહ્યા છે. એર ટ્રાફિકમાં જુલાઈ મહિનામાં નવો રેકોર્ડ થઈ શકે છે. આમ છતાં વધતા ખર્ચને પહોંચી વળવા માટે અમેરિકનો પોતાના બજેટમાં કાપ મૂકે છે તે હકીકત છે. ખાસ કરીને એન્ટરટેન્મેન્ટ અને ડાઈનિંગ આઉટનો ખર્ચ ઘટાડી નાખ્યો છે. કેટલાકે ફૂડ અથવા મેડિકલ કેર પરનો ખર્ચ પણ ઘટાડ્યો છે. જેમની આવક ઓછી છે તેઓ મેડિકલ કેરમાં શક્ય એટલો ઓછો ખર્ચ થાય તેવા પ્રયાસ કરે છે. આ ઉપરાંત ૧૫ ટકા લોકો વધારાની જોબ લઈને પોતાની આવક વધારવા પ્રયાસ કરે છે જ્યારે ૧૦ ટકા લોકો દેવું કરીને પોતાનું ગુજરાન ચલાવવાનો પ્રયાસ કરે છે.

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ સંસદમાં કર્યું મોટું એલાન

# દેશમાં ૭૦ વર્ષથી વધુ ઉંમરના તમામ વૃદ્ધોની સારવાર આયુષ્માન યોજના હેઠળ થશે

## રાષ્ટ્રપતિ મૂર્મુએ સંસદના બંને ગૃહોને સંબોધિત કર્યા

નવી દિલ્હી, તા.૨૭

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ સંસદના બંને ગૃહોને સંબોધિત કર્યા. રાષ્ટ્રપતિએ આ દરમિયાન મોટું એલાન કર્યું. તેમણે આયુષ્માન યોજનાને લઈને મહત્વની વાત કહી છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશમાં ૭૦ વર્ષથી વધુ ઉંમરના તમામ વૃદ્ધોની સારવાર આયુષ્માન યોજના હેઠળ થશે. રાષ્ટ્રપતિએ કહ્યું, સરકારે નિર્ણય લીધો છે. હવે ૭૦ વર્ષથી વધુ ઉંમરના તમામ વૃદ્ધોને આયુષ્માન ભારત યોજના હેઠળ મફત સારવારનો લાભ મળશે. સરકારે ગત ૧૦ વર્ષમાં ઘણા સુધારા પણ કર્યા છે. તાજેતરમાં જ થયેલી લોકસભા ચૂંટણી પહેલા ભાજપે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. ચૂંટણી ઢંઢેરામાં કહેવામાં આવ્યું હતું કે દેશની જનતાને આયુષ્માન કાર્ડ હેઠળ પાંચ લાખની સારવાર થશે. આ સાથે જ ૭૦ વર્ષથી ઉપરના દરેક વૃદ્ધને આયુષ્માન યોજના હેઠળ લાવવામાં આવશે. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૮માં આયુષ્માન ભારત યોજના શરૂ કરી હતી. આ એક પ્રકારનો આરોગ્ય વીમો છે. આમાં લાભાર્થીને આયુષ્માન કાર્ડ મળે છે. કાર્ડની મદદથી લાભાર્થી હોસ્પિટલમાં ૫ લાખ રૂપિયા સુધીની સારવાર કરાવી શકે છે. આનો લાભ દેશના ગરીબ અને આર્થિક રીતે કમજોર નાગરિકોને મળે છે. આ સિવાય રાષ્ટ્રપતિએ એ પણ કહ્યું છે કે આજે ભારત ઘણા ક્ષેત્રોમાં સારું પ્રદર્શન કરી રહ્યું છે. ડિજિટલ ચૂકવણીના મામલે ભારત દુનિયામાં સારું પ્રદર્શન કરે છે તો આપણને ગર્વ હોવો જોઈએ. ભારતીય વૈજ્ઞાનિક સફળતાપૂર્વક ચંદ્રયાનને ચંદ્રના દક્ષિણ ભાગમાં ઉતારે છે તો આપણને ગર્વ હોવો જોઈએ. ભારત દુનિયાની સૌથી ઝડપથી વધનારી અર્થવ્યવસ્થા બની જાય છે તો આપણને ગર્વ હોવો જોઈએ.

# આપ નેતા-સાંસદ સંજયસિંહનું રાજ્યસભાનું સસ્પેન્શન રદ

નવી દિલ્હી, તા.૨૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ વચ્ચે આમ આદમી પાર્ટી માટે ગૂડ ન્યૂઝ આવ્યા છે. આમ આદમી પાર્ટીના નેતા અને સાંસદ સંજય સિંહનું રાજ્યસભાનું સસ્પેન્શન રદ થઈ ગયું છે.આ માટે સંજય સિંહે ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડનો આભાર વ્યક્ત કર્યો છે. છઁ નેતાએ ઠ પર પોસ્ટ કરીને તેની માહિતી આપી છે. સંજય સિંહને ગત વર્ષે ચોમાસુ સત્ર દરમિયાન અમર્યાદિત વ્યવહારના કારણે રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. સંજય સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરતા લખ્યું કે, લગભગ ૧ વર્ષ બાદ સંસદમાં જવાની મંજૂરી મળી છે. સસ્પેન્શન સમાપ્ત થયું. માનનીય અધ્યક્ષ ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનકડ જી, પ્રિવિલેજ કમિટિના અધ્યક્ષ અને તમામ માનનીય સભ્યોનો ખૂબ ખૂબ આભાર.CBI દ્વારા અરવિંદ કેજરીવાલની ધરપકડ પર છઁ નેતા સંજય સિંહે કહ્યું હતું કે, હું દિલ્હીના મુખ્યમંત્રીની ધરપકડ પર I.N.D.I.A. ગઠબંધનના નેતાઓ સાથે વાત કરીશ અને તેમને આ મુદ્દાને સંસદમાં ઉઠાવવા અનુરોધ કરીશ.સંજય સિંહે ભાજપના નેતૃત્વ વાળી કેન્દ્ર સરકાર પર વિપક્ષી દળોને નિશાન બનાવવા માટે તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે પ્રેસ કોન્ફરન્સમાં આરોપ લગાવ્યો હતો કે, CBI અને ED આમ આદમી પાર્ટી વિરુદ્ધ દુર્ભાવના અને રાજકીય દ્વેષથી કામ કરી રહી છે.

### શાળા પ્રવેશોત્સવ બીજો દિવસ

# મુખ્યમંત્રીએ છોટા ઉદેપુરમાં બાળકોનું નામાંકન કરાવ્યું

## સરકારની સાથે શિક્ષકોની સહભાગીતા અને વાલીઓની જાગૃતિ થકી ગુજરાત શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર બન્યું : મુખ્યમંત્રી

છોટાઉદેપુર, તા.૨૭

મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ કે, સમાજના તમામ વર્ગોના સંતાનો માટે શિક્ષણ સરળ અને સુલભ બને, છેવાડાના પરિવારો અને ગામડાના વિદ્યાર્થીઓને ગુણવત્તા સભર શિક્ષણની સુવિધા આપીને સાક્ષરતા દરમાં વધુને વધુ વૃદ્ધિ કરવા શાળા પ્રવેશોત્સવ મહત્વપૂર્ણ બન્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં શિક્ષણનું સ્તર સુધારવા સાથે દીકરીઓના અભ્યાસને વેગ આપવા શરૂ કરાવેલા શાળા પ્રવેશોત્સવની ૨૧મી કડીના બીજા દિવસે છોટા ઉદેપુરમાં મુખ્યમંત્રીશ્રીએ શાળાઓમાં બાળકોનું નામાંકન કરાવ્યું હતું.મુખ્યમંત્રીએ છોટાઉદેપુરની પી.એમ.શ્રી તાલુકા શાળા નં-૧ ની મુલાકાત લઈ આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧ માં પ્રવેશપાત્ર ભૂલકાઓ –બાળકો તેમજ ધોરણ-૯ તથા ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપીને ઉમંગ ઉલ્લાસ સાથે તેમનો શાળા પ્રવેશ કરાવ્યો હતો.મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે આદિવાસી વિસ્તારોમાં આંતર માળખાકીય સુવિધાઓ પુરી પાડી છે. દીકરીઓ માટે નમો લક્ષ્મી યોજના તથા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે નમો સરસ્વતી યોજના અમલી બનાવી છે. એટલું જ નહીં, ઉચ્ચ શિક્ષણ માટેની અનેકવિધ યોજનાઓ પણ રાજ્ય સરકારે શરૂ કરી છે. સરકારની સાથે શિક્ષકોની સહભાગીતા અને વાલીઓની જાગૃતિ થકી ગુજરાત શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર બન્યુ છે.આજે બાળકને સ્માર્ટ ક્લાસ, કમ્પ્યુટર લેબ, સ્કીલ બેઈઝ્ડ એજ્યુકેશન શિક્ષકો દ્વારા સરકાર પૂરું પાડે છે. શિક્ષણમાં આમૂલ પરિવર્તન થયું છે તથા શાળામાં બાળકોની નિયમિતતા અંગે પણ શિક્ષક સજાગ બન્યા છે.વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસથી વિકસિત ગુજરાતનું નિર્માણ કરવાનું આહવાન કરતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા વિકસિત ગુજરાત માટે શિક્ષણ પાયામાં છે.મુખ્યમંત્રીએ ઉપસ્થિત શિક્ષકોને સરકારી શાળાઓના શિક્ષણનું સ્તર શ્રેષ્ઠ બને, દરેક પરિવારનો બાળક શિક્ષણ મેળવી સુસંસ્કારી બને એવું લક્ષ્ય રાખીને શિક્ષક તરીકે સેવાદાયિત્વ નિભાવવા જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ વર્ગખંડોમાં જઈને વાંચન-લેખન, ગણન કૌશલ્ય, વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવિણતાની ઉંડાણપૂર્વક ચકાસણી કરી હતી. તેમણે સ્માર્ટ વર્ગ ખંડ સહિત શાળાની ભૌતિક સુવિધાઓ અને શાળા પર્યાવરણનું નિરીક્ષણ કર્યું હતું અને શાળા પ્રબંધન સમિતિના સદસ્યો સાથે આ શાળાના શિક્ષણની ગુણવત્તા સંદર્ભે વિચાર વિમર્શ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેકટર અનિલ ધામેલીયાએ શાબ્દિક સ્વાગત કરતાં શાળા પ્રવેશોત્સવની પૂર્વભૂમિકા આપી હતી તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આભાર દર્શન કર્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મલકાબેન પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

વર્ષ ૨૦૦૫-૦૬માં તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે શાળા પ્રવેશ મેળવીને ઉજ્જ્વળ કારકિર્દી ઘડનારા વિદ્યાર્થીઓનું અને વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિઓ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરાયું હતું, ધોરણ-૩ થી ૮માં પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ એનાયત કરાયા હતા. આ તકે મુખ્યમંત્રીએ શાળાના લર્નિંગ કોર્નરની મુલાકાત લીધી હતી તેમજ શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું.ા.

### કેજરીવાલની ધરપકડને તાનાશાહી ગણાવી

# કેજરીવાલની ધરપકડ બાદ તેમના પત્ની સુનીતા ગુસ્સામાં

## ED બાદ હવે CBI એ દારૂ કૌભાંડના આરોપી દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ પર પોતાની પકડ વધુ કડક કરી છે

નવી દિલ્હી, તા.૨૭

લિકર પોલિસી કૌભાંડના આરોપી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ED બાદ હવે CBIના રિમાન્ડ રૂમમાં પહોંચ્યા છે. CBI દ્વારા દિલ્હીના સીએમની ધરપકડ બાદ તેમના પત્ની સુનીતા કેજરીવાલ ગુસ્સે છે. તેમણે કેજરીવાલની ધરપકડને તાનાશાહી ગણાવી છે. સુનીતા કેજરીવાલે તેમના સોશિયલ મીડિયા હેન્ડલ ઠ પર ટ્વિટ કરીને કહ્યું છે કે, 'અત્યાર સુધી મારી પ્રાર્થના હંમેશા એ જ રહી છે કે ભગવાન દરેકને સદબુદ્ધિ આપે. પરંતુ હવે પ્રાર્થનાએ થશે કે તાનાશાહીનો નાશ થવો જોઈએ.' અગાઉ પણ સુનીતાએ એક પોસ્ટ લખીને કેજરીવાલની ધરપકડ સામે વાંધો વ્યક્ત કર્યો હતો. તેમણે લખ્યું હતું કે, "૨૦ જૂને અરવિંદ કેજરીવાલને જામીન મળી ગયા. પરંતુ ત્યાર બાદ તરત જ ઈડ્ઢએ સ્ટે લગાવ્યો. બીજા દિવસે ઝ્રમ્ૈંએ આરોપી બનાવી દીધા અને આજે તેમની ધરપકડ કરી. આખી સિસ્ટમ પ્રયાસો કરી રહી છે કે કેજરીવાલ બહાર ના આવે. આ કાયદો નથી, આ તાનાશાહી છે."સીબીઆઈની ટીમ ૨૯ જૂન સુધી કેજરીવાલની લિકર પોલિસી સાથે જોડાયેલા સવાલો પર પૂછપરછ કરશે કારણ કે અત્યાર સુધી કેજરીવાલ લિકર પોલિસી સ્કેમ સાથે જોડાયેલા સવાલોને ટાળી રહ્યા છે. સીબીઆઈએ કોર્ટને કહ્યું કે તે કેજરીવાલ અને મનીષ સિસોદિયાને સામસામે બેસાડીને પૂછપરછ કરવા માંગે છે. વધુમાં, સીબીઆઈએ દાવો કર્યો હતો કે તપાસ ચાલુ છે અને જુલાઈ સુધીમાં પૂર્ણ થઈ જશે.સીબીઆઈએ દાવો કર્યો કે કેજરીવાલે તમામ દોષ મનીષ સિસોદિયા પર નાખ્યો છે પરંતુ કેજરીવાલે કોર્ટમાં કહ્યું કે તેમણે સિસોદિયાને નિર્દોષ જાહેર કર્યા છે. તેમણે આ મામલે સિસોદિયા પર કોઈપણ પ્રકારનો આરોપ લગાવ્યો નથી.કેજરીવાલના વકીલની દલીલ પછી કોર્ટે ઘરનું ભોજન અને આવશ્યક દવાઓની મંજૂરી આપી છે. તેમજ પત્ની સુનીતા કેજરીવાલ અને તેમના વકીલ માટે દરરોજ ૩૦-૩૦ મિનિટનો મીટિંગનો સમય નક્કી કરવામાં આવ્યો છે.

### શાળા પ્રવેશોત્સવના દિવસે કડવી વાસ્તવિકતા

# આંતરિયાળ વિસ્તારમાં શાળામાં ફક્ત એક શિક્ષક ભણાવે છે

## શાળાના ઓરડા પણ જર્જરીત હાલતમાં છે : ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ માટે માળખાકીય પુરતી સુવિધા નથી

ગાંધીનગર , તા.૨૭

ગુજરાતમાં ૨૭મી જૂનથી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થયો છે. સરકારે વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવી શિક્ષણનો ધૂમ પ્રચાર શરૂ કર્યો છે. પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે, ગુજરાતના ગ્રામ્યવિસ્તારમાં ખખડધજ શાળાઓ પડપડુ છે. આખીય શાળામાં એક જ શિક્ષક છે. ૪૦ હજારો શિક્ષકોની ઘટ વર્તાઈ રહી છે. આ ઉપરાંત ૩૮ વર્ગખંડની અછત છે આવી કથળેલી પરિસ્થિતીમાં પ્રવેશોત્સવના તાયફા કરવામાં આવી રહ્યા છે જેની મજાક ઊડી રહી છે.શિક્ષણ ક્ષેત્રે ગુજરાત હરણફાળ ભરી રહ્યું છે. તેવી ડીંગ હકવામાં આવી રહી છે. ત્યારે ગુજરાતમાં શિક્ષણની સ્થિતી વધુને વધુ કથળી રહી છે.

સરકાર એવો પ્રચાર કરી રહી છે કે, વિદ્યાર્થીઓને શિક્ષણની તક મળે. પરંતુ શહેરોને બાદ કરતાં આજે ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ માટે માળખાકીય પુરતી સુવિધા નથી. ગુજરાતમાં આજે ૧૪૬૧ શાળા એવી છે, જ્યાં એક જ વર્ગ કાર્યરત છે. ૧૪૫૬૨ શાળાઓ એવી છે, જેમાં એક વર્ગમાં એક કરતાં વધુ ધોરણના વિદ્યાર્થીઓને બેસાડી અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે.

રાજ્યમાં ૩૮ હજાર વર્ગખંડોની અછત છે. ૩૩૫૩ શાળામાં ૧૦૬૯૮ ઓરડા જર્જરીત અવસ્થામાં છે. આ પરિસ્થિતી વચ્ચે વિદ્યાર્થીઓ કેવી રીતે ભણતાં હશે તે અંગે સવાલ ઉઠ્યાં છે. તાજેતરમાં જ ગાંધીનગરમાં શિક્ષકોની ભરતી માટે આંદોલન કરવામાં આવ્યુ હતું. તેનુ કારણ એ છે કે, ૪૦ હજાર શિક્ષકોની ઘટ છે. છતા સરકારને ભરતી કરવામાં રસ નથી. એવુ જાણવા મળ્યુ છે કે, ડેડિયાપાડામાં કેટલીય શાળાઓ એવી છે, જ્યાં એક શિક્ષક છે. આ એક શિક્ષક તમામ વિદ્યાર્થીઓને કેવી રીતે અભ્યાસ કરાવતા હશે તેની કલ્પના કરવી રહી. બીજી તરફ ગોધરામાં વાવડી પ્રાથમિક શાળા જર્જરીત અવસ્થામાં છે. જ્યાં વિદ્યાર્થીઓ જીવના જોખમે અભ્યાસ કરવા મજબૂર બન્યા છે. આ પડું પડું વર્ગખંડ શિક્ષકો અને બાળકો માટે યમદૂત બની શકે છે. ઘણાં ઠેકાણે તો બાળકો ઝાડ નીચે બેસીને અભ્યાસ કરવા મજબૂર છે.

સરકાર નવા વર્ગખંડોની વાતો કરે છે. પરંતુ જર્જરીત નવા વર્ગખંડાના શાળા-વર્ગખંડોના સમારકામ માટે પણ ધ્યાનન અપાતુ નથી. દર વર્ષે શાળા પ્રવેશોત્સવ યોજીને મંત્રીઓ ઉપરાંત આઈએએસ, આઈપીએસને વિવિધ જિલ્લામાં મોકલીને શિક્ષણનો પ્રચાર કરવામાં આવે છે. પરંતુ સરકાર શિક્ષણ માટે માળખાકીય સુવિધામાં સુધારો કરતી નથી. દર વર્ષે શિક્ષણ સુધારાણાના નામે કરોડો રૂપિયાની ગ્રાન્ટનો ધુમાડો કરવામાં આવે છે. તેમ છતા ગામડાઓમાં શાળા શિક્ષણમાં સુધારો તઈ શક્યો નથી. ટુંકમાં સરકારને જાણે શિક્ષણનું સ્તર સુધારવામાં રસ નથી. પણ પ્રવેશોત્સવ યોજીને દેખાડો કરવામાં વધુ રસ છે.

# સાવરકુંડલાના વંડા ગોપાલપરા, ઘોબા, ફીફાદમાં શાળા પ્રવેશોત્સવ કરાવતા ધારાસભ્ય મહેશ કસવાલા



દેશના વડાપ્રધાન અને ગુજરાત રાજયના તત્કાલીન પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા વર્ષ ૨૦૦૩માં શરૂ કરવામાં આવેલ 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ' એ વિકસિત ગુજરાતને શિક્ષિત ગુજરાત બનાવી રહ્યું છે અને શિક્ષણના માધ્યમથી બાળકોના જીવતરનું ઘડતર કરી રહ્યું છે. ત્યારે માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલજીના દિશાદર્શનમાં સમગ્ર રાજયભરમાં શરૂ થયેલ વિદ્યાના ત્રિ-દિવસીય ઉત્સવ સમાન ''કન્યા કેળવણી મહોત્સવ'' અને ''શાળા પ્રવેશોત્સવ''ના અનુસંધાને આજ રોજત્રી-દિવસીય શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે સાવરકુંડલા તાલુકાના ગોપાલપરા પ્રા.શાળા, ઘોબા પ્રા.શાળા, તથા સરકારી માધ્યમિક શાળા, બી એચ ગાર્ડી માધ્યમિક શાળા તથા પ્રાથમિક ફીફાદમાં ધારાસભ્ય કસવાલાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં કસવાલાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત નિર્માણનચા સંકલ્પમાં શિક્ષણનો મજબૂત પાયો સિંચીને વિકસિત ગુજરાતથી અગ્રેસર રહેવાનું આહવાન કર્યુ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, અંતરિયાળ છેવાડાના ગામ સુધી રાજય સરકારે શ્રેષ્ઠ શિક્ષણ સુવિધાઓ આપી છે. વિદ્યાર્થીઓના ટેલેન્ટને યોગ્ય તક અને નિખાર આપવાની વ્યવસ્થાઓ પણ વિદ્યાર્થીઓની પડખે ઊભી રહીને સરકાર કરે છે. ધારાસભ્ય કસવાલા ૨૧માં રાજવ્યાપી શાળા પ્રવેશોત્સવ અંતર્ગત સાવરકુંડલા તાલુકાના ગામોમાં પ્રાથમિક શાળામાં બાળકોના નામાંકન કરાવવાના અવસરે સંબોધન કરી રહ્યા હતા. તેમણે આ ગામોની બાલવાટિકા, આંગણવાડી અને પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં કુલ મળીને ૧૨૭ જેટલા બાળકોનો શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો. ધારાસભ્ય કસવાલાએ તેમના સહજ, સરળ અને નિખાલસ વ્યકિતત્વથી સૌના દિલમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે તેની અનુભૂતિ શાળાના બાળકો ને પણ થઈ હતી. શાળાની બાળકીઓએ ધારાસભ્યના વડીલ - વાત્સલ્ય પ્રેમને અનુભૂતિ કરતા, તેમની સાથે આત્મિયતા પૂર્વક વાતચીત કરી હતી. ધારાસભ્યએ પણ બાળકોનું અભિવાદન સ્નેહપૂર્વક ઝીલ્યું હતું. ધારાસભ્યએ શાળા પ્રવેશોત્સવ અવસરે ઉપસ્થિત ગ્રામજનોને કહ્યું કે, શાળા પ્રવેશોત્સવથી સરકારભૌતિક સુવિધ-સગવડો શાળાઓમાં વિકસાવે છે જ, પરંતુ બાળકોના વાલી - એસ.એમ.સી. અને શિક્ષકો સૌ વડીલ તરીકે બાળકના અભ્યાસ-શિક્ષણ પ્રત્યે વધુ ધ્યાન આપી સામાજીક દાયિત્વ નિભાવે છે. કસવાલાએ કહ્યું કે, શિક્ષકો બાળકોના અભ્યાસ, શાળામાં હાજરીની નિયમિતતા અંગે સજાગ છે અને પૂરતું ધ્યાન આપે છે. ત્યારે એસ.એમ.સી. અને વાલીઓ પણ બાળકના અભ્યાસનું ફોલોઅપ, શાળામાં ખૂટતી સુવિધાઓની આપૂર્તિ વગેરે માટે સર્તક રહે તેવો અનુરોધ તેમણે કર્યો હતો. વધુમાંથી કસવાલાએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ માટેની કારકિર્દી ઘડતર માટે અનેક કલ્યાણ યોજનાઓ પણ છે તેનો લાભ લઈને બાળકો ઉજજવળ ભવિષ્યનું ઘડતર કરે તેવી અપીલ તેમણે કરી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ, સૌના પ્રયાસનો મંત્ર આપ્યો છે, તેને સૌ સાથે મળીને સાકાર કરીએ અને આવનારી પેઢીને શિક્ષણ જ્ઞાનની સમૃદ્ધિથી સજજ કરી વિકસિત ભારત માટે વિકસીત ગુજરાત બનાવીને તેવું પ્રેરક માર્ગદર્શન તેવું પ્રેરક માર્ગદર્શન કસવાલાએ આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં પૂર્વ બાંધકામ સમિતીના ચેરમેન પુનાભાઈ ગજેરા, તાલુકા ભાજપ અધ્યક્ષ જીવનલાલ વેકરીયા, સરપંચઓ વાલાભાઈ સાટીયા અને લાખાભાઈ સાટીયા, દિલુભાઈ ખુમાણ, તાલુકા પંચાયત સદસ્ય પ્રમોદભાઈ રંગાણી, શંભુભાઈ મકવાણા, સા.કુ યુવા ભાજપ અધ્યક્ષ અનિરૂધ્ધસિંહ રાઠોડ, તાલુકા/જીલ્લાના પદાધિકારીઓ, કાર્યકરો, શિક્ષણાધિકારી તથા તેમની ટીમ, ગામોના વરિષ્ઠ આગેવાનો, વાલીઓ, બાળકો, અને પ્રવેશોત્સુક ભૂલકાંઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ સત્વ ''અટલધારા'' કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી.હિરપરાએ તેમની અખબાર યાદીમાં જણાવ્યું હતું.

### મને સલાહ નહીં આપવાની, ચલો બેસો : ઓમ બિરલા

# સ્પીકર ઓમ બિરલા કોંગ્રેસના સાંસદ દિપેન્દ્ર સિંહ હુડ્ડા પર ગુસ્સે થયા

નવી દિલ્હી, તા.૨૭

લોકસભા ચૂંટણી બાદ સંસદનું પ્રથમ સત્ર ચાલી રહ્યું છે. સંસદના પ્રથમ સત્રના ચોથા દિવસે રાષ્ટ્રપતિના સંબોધન બાદ સ્પીકર ઓમ બિરલા કોંગ્રેસના સાંસદ દિપેન્દ્ર સિંહ હુડ્ડા પર ગુસ્સે થયા હતા. સ્પીકર ઓમ બિરલાએ દિપેન્દ્ર હુડ્ડાને ઠપકો આપ્યો હતો. કેરળની તિરુવનંતપુરમ લોકસભા સીટ પરથી ચૂંટાયેલા કોંગ્રેસના શશિ થરૂર સાંસદ તરીકે શપથ લઈને પરત ફરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. શશિ થરૂરે શપથ લીધા બાદ જય સંવિધાનનો નારા લગાવ્યો હતો.

સંસદ સત્રના ચોથા દિવસે કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે

## સ્પીકર ઓમ બિરલાએ દિપેન્દ્ર હુડ્ડાને ઠપકો આપ્યો હતો

સંસદ સભ્ય તરીકે શપથ લીધા પછી સંવિધાનની જય બોલાવી હતી. શપથ લીધા બાદ જયારે શશિ થરૂર સ્પીકર ઓમ બિરલા સાથે હાથ મિલાવીને પોતાની સીટ પર પાછા ફરી રહ્યા હતા ત્યારે સ્પીકરે તેમને અટકાવ્યા હતા. સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે તેઓ બંધારણ પર શપથ લઈ રહ્યા છે. આ બંધારણના શપથ છે. સ્પીકરના આ નિવેદન પર કોંગ્રેસના સાંસદ દિપેન્દ્ર હુડ્ડા ઉભા થયા અને કહ્યું કે સાહેબ તમને આના પર વાંધો ન હોવો જોઈતો હતો.

સ્પીકર ઓમ બિરલાએ આના પર દિપેન્દ્ર હુડ્ડાને ઠપકો આપ્યો અને તેમને કોના પર વાંધો છે અને કોના પર કોઈ વાંધો નથી તેની સલાહ ન આપવા કહ્યું. ચાલો બેસી જાવ. હવે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને આ અંગે વાંધો વ્યકત કર્યો છે. પ્રિયંકાએ X પર પોસ્ટ કરીને પ્રશ્નાર્થ સ્વરમાં કહ્યું છે કે ભારતની સંસદમાં 'જય સંવિધાન' ન કહી શકાય? સ્પીકરના વાંધાઓ પર નારાજગી વ્યક્ત કરતા તેમણે લખ્યું - શાસક પક્ષના લોકોને સંસદમાં અસંસદીય અને ગેરબંધારણીય સૂત્રોચ્ચાર કરતા રોકવામાં આવ્યા ન હતા, પરંતુ વિરોધ પક્ષના સાંસદે 'જય સંવિધાન' કહ્યું ત્યારે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.

પ્રિયંકા ગાંધી આટલેથી ન અટક્યા. તેમણે આગળ લખ્યું કે ચૂંટણી દરમિયાન સામે આવેલ બંધારણનો વિરોધ હવે નવા સ્વરૂપમાં ઉભરી રહ્યો છે જે આપણા બંધારણને નબળો પાડવા માંગે છે. પ્રિયંકા ગાંધીએ વધુમાં કહ્યું કે જે બંધારણથી સંસદ ચાલે છે, જે બંધારણથી દરેક સભ્ય શપથ લે છે, જે બંધારણથી દરેક નાગરિકને જીવન અને જીવની સુરક્ષા મળે છે, શું એ જ બંધારણનો વિરોધ કરવામાં આવશે?

# મોટા માચીયાળા ગામે એસપી હિમકર સિંઘની ઉપસ્થિતિમાં ભૂલકાંઓનો રંગેચંગે શાળા પ્રવેશ



અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંઘની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલીના મોટા માચિયાળા ગામે ભૂલંકાઓએ રંગેચંગે શાળા પ્રવેશ મેળવ્યો હતો. બાલવાટિકા, આંગણવાડી અને ધોરણ - ૧ માં પ્રવેશ કરતા બાળકોને પ્રોત્સાહન રૂપે શૈક્ષણિક કિટ અર્પણ કરી ઉત્સાહભેર આવકાર્યા હતા. આ પ્રસંગે પોલીસ અધિક્ષક હિમકરસિંઘે જણાવ્યું કે, બાળકો આગળ વધે તે માટે તેમનામાં આત્મવિશ્વાસનું નિર્માણ કરવું જરૂરી છે. આ માટે શાળા સ્તરે સતત રચનાત્મક કાર્યક્રમો યોજવા આવશ્યક છે, તેમાં સહભાગી થવાથી બાળકોની સુષુપ્ત શકિતઓ ખીલી ઊઠે છે. સ્વસ્થ અને આદર્શ નાગરિકના નિર્માણમાં શિક્ષકોની ઘણી મોટી ભૂમિકા છે, વિદ્યાર્થીઓ શાળામાંથી સફળ જીવનના આધાર સ્તંભ ગુણો આત્મસાત કરતા હોય છે. બાળવયના વિદ્યાર્થીઓની ઉર્જાને યોગ્ય દિશા આપી ઉત્કૃષ્ટ પરિણામો મેળવી શકાય છે. વિદ્યાર્થીઓના ગુજરાતી, હિન્દીની અને અંગ્રેજી ભાષાના અભ્યાસને મહત્વ આપવા જણાવ્યું. જીલ્લા પોલીસ વડાએ મહિલાઓ કેન્દ્ર રાજય સરકારની શૈક્ષણિક સાધનો અર્પણ કરી સન્માન્તિ કરવામાં આવ્યા હતા. મોટા માચીયાળા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ વ્યસન મુકિત અને પર્યાવરણ કાળજી માટેના પગલાઓ પર પોતાના વિચારો વ્યકત કયા. મહાનુભાવોએ વ્યસન મુકિત અને પર્યાવરણ કાળજી માટેના પગલાઓ પર પોતાના વિચારો વ્યકત કર્યા. મહાનુભાવોએ શાળા પરિસરમા વૃક્ષારોપણ કર્યુ હતું. આ પ્રસંગે જીલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, તાલુકા પંચાયત કારોબારી સમિતિ ચેરમેન જે.બી.દેસાઈ, તાલુકા પંચાયત સદસ્થ હરેશભાઈ ભુવા, સરપંચ દેવેન્દ્રભાઈ ધાધલ, અગ્રણી રાજુભાઈ ધાનાણી, સી.આર.સી. રવિ મહેતા, શાળાના આચાર્ય કૈલાશબેન ભટ્ટી સહિત ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરાનાં દરેડ, જામ બરવાળા, નાની કુંડળ સહિતનાં ગામોમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી



લાઠી બાબરા વિસ્તારનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની પ્રેરક ઉપસ્થિતિમાં દરેડ પ્રાથમિક શાળા, વિ.એન. માધ્યમીકશાળા, જામ બરવાળાતેમજમાધ્યમીકશાળા, નાની કુંડળ ગામે કાર્યક્રમ યોજાયો હતો. બાલવાટિકામાં ભૂલકાઓને ઉમળકાભેર આવકાર આપવામાં આવ્યો હતો. ધો. ૧માં કુમાર, કન્યા સહિત બાળકોનુંનામાંકનદાખલકરવામાંઆવ્યું હતું. ધો.૯માં કુમાર અને કન્યા સહિત બાળકોનેપ્રવેશઆપવામાંઆવ્યોહતો. ઉલ્લેખનીય છે કે, માધ્યમિક શાળાની દીકરીઓને 'નમો લક્ષ્મી' પ્રોત્સાહન યોજના અંતર્ગત લાભનું વિતરણ, પ્રવેશપાત્ર ભૂલકાઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાકીય શિક્ષણમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ ઈનામ વિતરણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. બાલવાટિકા, ધોરણ ૧, ધોરણ ૯ અને ધોરણ ૧૧માં પણ શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. દરેડ પ્રાથમિક શાળા ખાતે બાલવાટિકા પ્રવેશપાત્ર કુમાર અને કન્યા સહિત ભૂલકાંઓનેહર્ષભેરઆવકારઆપવામાં આવ્યોહતો. બાલવાટિકામાંપાપાપગલી માંડતા ભૂલકાઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરેડ પ્રાથમિક શાળા ખાતે લાઠી બાબરા વિસ્તારનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએજણાવ્યુ કે, ગુજરાતમાંકન્યાકેળવણીમહોત્સવઅનેશાળાપ્રવેશોત્સવથકી ડ્રોપઆઉટદરમાંઘટાડોથયોછે. ગુજરાત સરકારની શૈક્ષણિક યોજનાઓનો લાભ લાભાર્થીઓ સુધી પહોંચી રહ્યો છે. રાજયમાં નાના બાળકોના બાલવાટિકા શિક્ષણથીમાંડીનેઉચ્ચરશિક્ષણસુધી કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે ઉપરાંતછેવાડાના નાગરિકોને, બાળકોને મુખ્ય પ્રવાહમાં લાવવા અને ડ્રોપ આઉટ દરનેઝડપીરીતેઘટાડવાનોઆકાર્યક્રમનો મુખ્યહેતુછે. રાજયનાવધુમાંવધુબાળકો શાળામાંપ્રવેશ મેળવીનેશિક્ષણપ્રાપ્ત કરે તેદિશામાંઆએકસરાહનીયપ્રયાસછે. કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ૨૦૨૪દરેડપ્રાથમિકશાળા, વિ.એન. માધ્યમીકશાળાજામબરવાળા તેમજ માધ્યમીક શાળા નાની કુંડળ ગામ ખાતે કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના હોદેદારઓ, તાલુકા પંચાયતના હોદેદારઓ, ચેરમેનઓ, સરપંચ, ગ્રામ પંચાયતનાસદસ્યઓ, શાળાનાં આચાર્ય, શિક્ષકઓ, બાળકો અને ગ્રામજનો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## લીલીયામોટાનાં ગ્રામજનો

હનુમાનપરા, સંધીવાસની ભૂગર્ભ ગટરનાંગંદાપાણીવહીરહ્યાછે. જેનેલઈ શહેરની સ્થિતિ નર્કાગાર સમાન બનવા પામી છે. અગાઉ આ પ્રશ્ને ચેમ્બર ઓફ કોમર્સ, ડાયમંડ એસોસીએશન, વેપાળી મંડળ, સામાજિક સંગઠનો, ગ્રામજનો અને તત્કાલીન ધારાસભ્ય પ્રતાપ દુધાતે ઉગ્ર આંદોલનો કર્યા તે સમયે જવાબદાર અધિકારીઓએ પદાધિકારીઓ ધ્વારા મૌખિક–લેખિત ખાતરીઓ આપી આંદોલનોસમેટીલીધાછે. શહેરનીભલી ભોળી પ્રજા વરસાદી દેડકાની જેમ આંદોલન સમયે વરસાદી દેડકાની જેમ આંદોલનસમયેટપકીપડતા નેતાઓની રૂબરૂમાંલ્હાણીથયેલાવચનોસાચામાની આંદોલનનો અંત લઈ આવે છે. પાછલા ૧૨ વર્ષથી પંચાયતથી પાર્લામેન્ટ ચૂંટણી નજીકઆવેએટલેનેતાઓનેભૂગર્ભગટર પ્રશ્નયાદઆવેછે. તેવુંશહેરનીપ્રજાપણ સમજવા લાગી છે. શહેરમાં ખુલ્લેઆમ ભૂગર્ભ ગટરની કામગીરી નબળી થઈ હતી ત્યારે નેતા ચુપ કેમ હતા અને શું કામ નબળી કામગીરી થવા દીધી. અહી રાજકીય પાર્ટીઓનાં નેતાઓહળીમળીને ભ્રષ્ટ કામગીરી કરે છે તેનું પરિણામ ભૂગર્ભગટરસમસ્યાછે. સ્થાનિકવેપારી રસિકભાઈ વંડ્રાએ હાઈકોર્ટમાં ભૂગર્ભ ગટર પ્રશ્ને પીએલઆઈ કરેલ. હાઈકોર્ટે કેટલાંક હુકમો કરેલ છતાં જવાબદાર અધિકારીઓ ખુલ્લેઆમ ભંગ કરી રહ્યા હોવાનુંસુત્રો પાસેથીજાણવામળીરહ્યુંછે.

તા. ૧૦/૯/૨૦૨૦નાં રોજ તત્કાલીન ધારાસભ્ય પ્રતાપ દુધાતે ભૂગર્ભ ગટર પ્રશ્ને ઉપવાસ પર બેસી પ્રશ્નહલ કરવા માંગણી કરેલ જે માંગણી અનુસંધાને વિકાસ કમિશ્નર કચેરી ગાંધીનગર ધ્વારા તા. ૮/૧૦/૨૦૨૧નાં રોજ રૂા. ૧૦૬૫ લાખનો અંદાજો બગાવી તેની તાંત્રીક મંજૂરી મેળવવા મુખ્ય ઈજનેર ઝોન–૫ જુનાગઢ અને પ્રોજેકટ ડાયરેકટર અર્બન સેલ ગુજરાત રાજય પાણી પુરવઠા બોર્ડ અને ગટર વ્યવસ્થા બોર્ડ ગાંધીનરગને પંપીંગસ્ટેશન સંલગ્ન મશીનરી તેમજ બે વર્ષ સુધી મરામત અને નિભાવણીની જવાબદારી સોંપેલ. આજે હુકમ થયાના ચાર–ચાર વર્ષ પૂર્ણ થવા આવ્યા છતાં કોઈ પરિણામ નહી.

ચેમ્બર ઓફ કોમર્સ ધ્વારા આરોગ્ય વિભાગને પત્ર લખી શહેરમાં ફોગીંગ અને દવાનો છંટકાવ કરવા માંગણી કરી છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૩૦ | ૧૧૯૯ |
| ૨ | શિંગ મોટી | ૯૪૫ | ૧૨૨૯ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૮૧૧ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૫૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૬૫૧ |
| ૬ | તલ કાળા | ૨૫૯૦ | ૩૨૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૭૫૦ | ૩૧૮૩ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૪૭૨ |
| ૯ | જુવાર | ૪૯૦ | ૪૬૬ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૭૧ | ૫૮૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૬ | ૫૬૭ |
| ૧૨ | મકાઈ | ૪૫૩ | ૬૦૫ |
| ૧૩ | મગ | ૧૨૦૦ | ૧૬૩૦ |
| ૧૪ | અડદ | ૧૮૫૦ | ૧૮૫૦ |
| ૧૫ | ચણા | ૯૫૦ | ૧૩૧૧ |
| ૧૬ | ચણા દેશી | ૧૨૭૨ | ૧૩૬૩ |
| ૧૭ | તુવેર | ૧૨૦૦ | ૨૧૯૯ |
| ૧૮ | કપાસ | ૮૦૦ | ૧૫૧૬ |
| ૧૯ | એરંડા | ૯૫૦ | ૧૦૯૭ |
| ૨૦ | જીરૂ | ૪૪૨૫ | ૫૩૫૦ |
| ૨૧ | રાયડો | ૭૫૦ | ૭૫૦ |
| ૨૨ | રાય | ૯૫૫ | ૧૧૬૦ |
| ૨૩ | ધાણા | ૮૦૦ | ૧૩૦૬ |
| ૨૪ | અજમા | ૨૦૧૦ | ૨૫૦૦ |
| ૨૫ | મેથી | ૧૦૯૨ | ૧૧૦૦ |
| ૨૬ | સોયાબીન | ૫૧૦ | ૮૭૦ |
| ૨૭ | રજકાનું બી | ૪૭૦૦ | ૫૫૦૦ |

## અમરાપરા પે સેન્ટર શાળા ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૭

બાબરાતાલુકાનાંઅમરાપરાપે સેન્ટર શાળા ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી જિલ્લા ભાજપનાં મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયાનાં અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. અહીં ધો ૧ના બાળકોનું નામકન કરી શાળામાં પ્રવેશ આપી શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી હતી. આ તકે નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, ભુપતભાઈ બસિયા, બી આર સી નીતિનભાઈ ચાવડા, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ અજયભાઈ હુદડ, મહામંત્રી સંજયભાઈ વસાણી, શાળાના આચાર્ય શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## દામનગરમાં બિસ્માર માર્ગનાં

ખાડાઓ કોઈકનો ભોગ લેશે, અને અકસ્માત થશે તો સીધા દવાખાનામાં સારવાર માટે લઈ જવાનું થાય..!! આ માર્ગ એટલો બધો ખરાબ છે કે વાહનોના સ્પર પાટર્સ ઢીલા પડી જાય છે, અને મુસાફરી કરતા લોકોના હાડકા ખોખરા થઈ જાય છે..!! દામનગર નગરપાલિકાની હદમાં પણ અલગ – અલગ વિસ્તારોમાં પડેલા ખાડાઓને કારણે વાહન ચાલકો અને રાહદારીઓને હાલાકી ભોગવવી પડે છે... સવાલએ થાય છે કે તંત્ર માત્ર તંત્ર જ છે કે પછી નાની સમસ્યાઓને કયારેય સામાન્ય ન ગણાય..!! સૌ સાથે મળીને આવી સમસ્યાઓના ઉકેલ માટે એક થઈશું,.. ત્યારે જ કહેવાશે, સૌનો સાથ સૌનો વિકાસ. બાકી બધું ચાલવા દયોને એમાં મારે શું..!!

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલા પાલિકાના હંગામી

લાખનો ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે તે બનાવ આજથી બે વર્ષ પહેલાના શાસનમાં થયો હોવાનો પણ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

૨૪ લાખ રૂપિયાના ભ્રષ્ટાચારનો ભોગ બનેલા નગરપાલિકાના રોજમદાર સફાઈ કામદારોને ન્યાય મળી છે કે પછી કે સૌ સાથે મળીને કુંડળીમાં ગોળ ભાંગી લેશે તેવી પણ ચર્ચા ટોપ ઓફ ધ ટાઉન બની છે. સફાઈ કામદારો ભ્રષ્ટાચાર નો ભોગ બન્યા છે તે બાબતે ઉચ્ચ લેવલે થી તપાસ થશે કે પછી તેરે બી ચૂપ અને મેરી ચૂપ તેવું નાટકસર્જાશે.

પાલિકાના પ્રમાણિક અને નિષ્ઠાવાન અધિકારી અને પદાધિકારી ઓ ભ્રષ્ટાચાર આચરનાર સામે કાર્યવાહી કરશે કે નહીં તેવી ચર્ચા એ પણ જોર પકડ્યું.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૮૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૨૨ |
| ૩ | શીંગ દાણા | ૧૫૫૧ | ૧૯૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૪૫૦ | ૨૬૨૦ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૫૦ |
| ૬ | જીરૂ | ૪૭૦૦ | ૫૭૦૦ |
| ૭ | કપાસ | ૧૩૫૦ | ૧૫૦૮ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૬ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૪૭૦ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | ૯૦૪ |
| ૧૨ | મગ | ૧૪૦૦ | ૧૬૦૬ |
| ૧૩ | અડદ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ૧૪ | ચણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | તુવેર | ૨૦૦૦ | ૨૨૯૦ |
| ૧૬ | ધાણા | ૧૧૦૦ | ૧૩૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## બગસરા માર્કેટયાર્ડનાં ચેરમેનપદે

હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, બગસરા માર્કેટિંગયાર્ડનાઈતિહાસમાંપ્રથમવખત એવી ઘટના બની હતી કે આરોપી તરીકે જેલમાં રહેલા કાંતિભાઈ સતાસિયા પેરોલ મેળવી ચૂંટણીમાં ઉપસ્થિત રહ્યા હતા અને ડિરેકટરો દ્વારા તેમના પર વિાસ મૂકી તેમને જ આગામી ટર્મ માટે ચેરમેન તરીકે બિન હરીફ ચૂંટવામાં આવ્યા હતા. માર્કેટિંગ યાર્ડના ચેરમેન કાંતિભાઈ સતાસીયા દ્વારા તમામ ડિરેકટર દ્વારા લેવામાં આવેલ નિર્ણયને સ્વીકાર્યો હતો તેમજ સહકારી ક્ષેત્રને ચૂંટણીથી દૂર રાખવા બદલ તમામનો આભાર વ્યકત કર્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીની જીઆઈડીસીનાં ઉદ્યોગકારોમાં

હયાત રેલ્વે સ્ટેશન તેમજ વધારાની રેલ્વે લાઈન લગાવવાની કામગીરીનાં પ્રારંભે વરસડા માર્ગનાં રેલ્વે ફાટક તરફથી જીઆઈડીસી તરફ જતાં અને છેલ્લા ૫૦ વર્ષથી મસમોટા વાહનોની અવરજવર ધરાવતો માર્ગ બંધ કરવાનો નિર્ણય રેલ્વે વિભાગે કર્યોછે અને વૈકલ્પિક માર્ગ તરીકે હનુમાનપરાથી મારૂતિ શો રૂમ પાસે બાયપાસ માર્ગને સ્પર્શતા માર્ગની પસંદગી થતાં તેની સામે ઉદ્યોગકારો નારાજ બન્યા છે.

આ અંગે શીતલ આઈસ્ક્રીમનાં સંચાલક દિનેશભાઈ ભુવાએ જણાવ્યું કે, અમરેલી શહેરને બ્રોડગેજ રેલ્વેની સુવિધા પ્રાપ્ત થયેલ છે. આનંદની લાગણી અનુભવીએ છીએ પરંતુ રેલ્વે સ્ટેશનને લગત જીઆઈડીસી વસાહત આવેલી છે. જે પૂર્ણ વિકસીત અને ૧૪.૨૦ હેકટર ક્ષેત્રફળની છે. જે ઔદ્યોગિક વસાહતમાં સીડઝ ઈન્ડરસ્ટ્રીઝ, ઓઈલ મીલો, શીતલકુલ પ્રો.લી. તથા નાના એન્જીનીયરીંગ ઉદ્યોગો ચાલી રહેલા છે, અને જેના દ્વારા હજારો લોકોને ટ્રાન્સપોર્ટ, મજુરને તેમજ વહેપારીઓને રોજગારી પ્રાપ્ત થાય છે. છેલ્લા કેટલાક સમયથી રેલ્વે વિભાગ દ્વારા બ્રોડગેજ રૂપાંતરની સુધારણા કામગીરી શરૂ થયેલ છે, અને લાઠી રોડ, ફાટક પાસે અંડર ગ્રાઉન્ડ ગરનાળાનુ કામ ચાલુ કરવાનુ છે. જે જાણમાં આવેલ છે. હયાત ઔદ્યોગિક વસાહતમાં ભારે લોડીંગ વાહનોમાં માલ સામાન લાવવા લઈજવા માટેનો હાલ અને વર્ષોથી જયારથી જીઆઈડીસી વસાહતની સ્થાપના થઈ ત્યારથી જે એપ્રોચ રોડ, લાઠી રોડ રેલ્વે ક્રોસીંગથી જ વસાહતમાં આવી શકાય તેમ છે પરંતુ રેલ્વે વિભાગ દ્વારા ઉપરોકત ગરનાળાનું બ્રીજનુ કાર્ય ચાલુ કરવામાં આવશે તો ઉદ્યોગકારોને ભારે લોડીંગ વાહનો કયા રસ્તાથી અંદર લાવવા લઈ જવા જે ભારે મુસીબત અને મુશ્કેલી ઉભી થાય છે. હયાત જીઆઈડીસી વસાહતમાં મોટા વાહનો ટ્રાન્પોર્ન્ટીંગ કાર્ટીંગ આવી શકશે નહી.

વધુમાં જણાવ્યુ કે, સર્વ ઉદ્યોગકારોને ધંધાકીય રીતે બહુ જ વેહવાનો વારો આવશે. અમોએ ભૂતકાળમાં જીઆઈડીસી રીજયોનલ ઓફિસ હેડ ઓફિસ ગાંધીનગર રજૂઆત કરેલ છે. જે પણ એપ્રોચ રોડ રસ્તા બાબતે કોઈ યોગ્ય નિરાકરણ થયેલ નથી. ઉદ્યોગકારોને ખૂબ જ મોટુ મુડી રોકાણ હોવાથી સ્થળાંતર પણ થઈ શકે તેમ શકય નથી. સરકાર દ્વારા નવી ઔદ્યોગીક વસાહતોની સ્થાપના કરવામાં આવે છે. પ્રોત્સાહીત યોજના પણ લાવવામાં આવેલ છે. પરંતુ હાલ જે ચાલુ ઉદ્યોગો છે. જે ઉપરોકત સમસ્યાથી મૃતપાય થશે. સર્વો શેડ/પ્લોટ હોલ્ડર જીઆઈડીસી નીગમનાં લીઝ હોલ્ડરો છીએ જે નિગમને લાખો રૂપિયા ચાર્જ, લીઝરેન્ટ, NAA ચાર્જીસ ભરપાઈ કરીએ છીએ આખરે જીઆઈડીસી નિગમ અને વસાહતમાં આવવા જવા માટે ભારે લોડીંગ વાહનો અને માલસામનની હેરાફેરી થાય તેરીતે મળે તેવી માંગ કરીએ છીએ.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૨૦ | ૧૧૫૧ |
| ૨ | ઘઉ | ૪૯૯ | ૫૩૧ |
| ૩ | મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૪ | ધાણા | ૧૧૨૬ | ૧૨૪૦ |
| ૫ | શીંગફાડ | ૧૪૩૦ | ૧૫૦૦ |
| ૬ | શીંગ દાણા | ૧૩૦૦ | ૧૯૦૦ |
| ૭ | જુવાર | ૩૯૯ | ૫૯૫ |
| ૮ | બાજરો | ૪૧૭ | ૧૭ |
| ૯ | તલ કાળા | ૨૮૫૦ | ૨૯૧૦ |
| ૧૦ | તલ સફેદ | ૨૩૮૯ | ૨૩૮૯ |
| ૧૧ | એરંડા | ૧૦૧૫ | ૧૦૧૫ |
| ૧૨ | સોયાબીન | ૭૯૩ | ૮૫૫ |

## ભાવનગર ડિસ્ટ્રીક બેન્કની ૬૫મી સભા યોજાઈ



ભાવનગર, તા. ૨૭

ભાવનગર ખાતે ભાવનગર ડિસ્ટ્રિકટ બેંકની ૬૫ની સાધારણ સભા યોજાઈ હતી. ભાવનગર ડિસ્ટ્રિકટ બેન્કની ૬૫મી વાર્ષિક સાધારણ સભા યોજાયેલ હતી. આ વાર્ષિક સાધારણ સભામાં સાવરકુંડલા માર્કેટ યાર્ડના ચેરમેન અને ડિરેકટર સહકારી ક્ષેત્રનાં ભામાશા અને કદાવર આગેવાન દિપકભાઈ માલણીએ સહકારી ક્ષેત્રની ઊંડાણપૂર્વક સમજ આપી હતી અને આ સાધારણ સભામાં હવે તમામ સભાસદોને સહકારી ક્ષેત્રની વિસ્તૃત ખ્યાલ આવ્યો હતો. દિપકભાઈ માલાણીએ આપેલ ખ્યાલનો આચરણ કરી દિપકભાઈ માલાણી સહકારી ક્ષેત્રના ખૂબ જ જાણકાર અનુભવ હોવાથી તેમની આવડતને હાજર સભાસદોએ બિરદાવેલ હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૯૫ | ૧૫૭૫ |
| ૨ | મગફળી | ૧૦૮૦ | ૧૧૧૦ |
| ૩ | ચણા | ૧૧૮૦ | ૧૨૯૦ |
| ૪ | જીરૂ | ૪૬૫૦ | ૫૫૧૦ |
| ૫ | ઘઉ | ૪૮૮ | ૫૪૨ |
| ૬ | તલ સફેદ | ૨૪૧૦ | ૨૬૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૨ | ૮૦૨ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૬૨ |
| ૩ | કપાસ | ૧૪૦૦ | ૧૪૭૬ |
| ૪ | બાજરો | ૪૧૪ | ૫૨૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૯૦ |
| ૬ | જુવાર | ૪૨૬ | ૯૨૧ |
| ૭ | મગ | ૧૩૦૦ | ૧૬૭૧ |
| ૮ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૯ | અડદ | ૧૬૨૬ | ૧૬૨૬ |
| ૧૦ | ચણા | ૧૧૫૦ | ૧૨૭૬ |
| ૧૧ | શીંગદાણા | ૧૩૦૧ | ૧૭૦૧ |
| ૧૨ | સોયાબીન | ૮૫૦ | ૮૫૦ |

## રાજયનાં પોલીસ વડાની સુચનાથી ડીઆઈજીની અધ્યક્ષતામાં

# અમરેલી ખાતે આવતીકાલે 'વ્યાજખોરી' અંગે બેઠક

**પોલીસ અધિક્ષક સહિત જિલ્લાનાં પોલીસ અધિકારીઓ જનસંપર્ક સભામાં ઉપસ્થિત રહેશે**

**આર્થિક સંકડામણનાં લીધે ગેરકાયદેસર વ્યાજ વટાઉનો વ્યવસાય કરનારને ઉંચુ વ્યાજ ચુકવવું પડતું હોય છે**

**વ્યાજ વટાઉનો વ્યવસાય કરનાર ભોગ બનનાર વ્યકિત પાસેથી પઠાણી ઉઘરાણી કરતા હોય છે**

**વ્યાજ ખોરીને લગતી કોઈ પ્રકારની તકલીફ હોય તો રજુઆત કરવા એસ.પી.એ. જાહેર જનતાને અનુરોધ કર્યો**

અમરેલીતા.૨૭

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગાંધીનગર તરફથી તા.૨૧/૬ થી તા.૩૧/૭/૨૪ સુધી IIEGAL MONEY LENDING ACTIVITY વિરૂધ્ધ ખાસ ઝુંબેશનું આયોજન કરવા અંગે સુચનાં આપવામાં આવેલ હોય, જે અંતર્ગત ભાવનગર રેન્જ આઈ.જી.પી. ગૌતમ પરમારની અધ્યક્ષતામાં તા.૨૯/૬ નાં રોજ અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહનાં માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર વ્યાજખોરીની બદી નાબુદ કરવા જનસંપર્ક સભાનું આયોજન કરેલ છે. જેમાં અમરેલી જિલ્લાનાં પોલીસ અધિકારીઓ હાજર રહેશે.

આ જનસંપર્ક સભા આગામી તા.૨૯/૬/૨૪ નાં સાંજે ૪ વાગ્યે અમરેલી, પોલીસ હેડ કવાર્ટસ ખાતે રાખવામાં આવેલ છે. જેમાં ગેરકાયદેસર વ્યાજખોરીને લગતી સમસ્યાઓનું નિરાકરણ તેમજ આ બદીથી મુકત કરવા અને ગેરકાયદેસર વ્યાજખોરોની પ્રવૃતિ સંપુર્ણ નાબુદ કરવા તેમજ નાણાની જરૂરીયાતવાળા આમ નાગરીકોને રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકો તેમજ સરકારની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન મળી રહે તે હેતુસર આયોજન કરવામાં આવેલ છે.

અમરેલી જિલ્લામાં રહેતા ઘણા નાગરિકો આર્થીક તંગીનાં કારણે ગેરકાયદેસર વ્યાજ વટાવનો વ્યવસાય કરતા ઈસમો પાસેથી વ્યાજે રૂપિયા લેતા હોય છે. જે આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરનાર ઈસમો ઉંચા વ્યાજે રૂપિયા આપતા હોય છે, અને બાદ વ્યાજખોરનો ભોગ બનનાર વ્યકિત તે ઉંચ્ચું વ્યાજ ચુકવતો રહે છે. જેમાં મુદલ રકમ કરતા ઘણી બધી વધુ રકમ ચુકવવા છતા આવી પ્રવૃતિ આચરનાર ઈસમો દ્વારા ભોગ બનનાર વ્યકિત પાસેથી પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હોય છે, અને જેના પરીણામે ભોગબનનાર તથા તેના કુટુંબીજનોની પાયમાલી સર્જાતી હોય છે. જે એક વ્યકિતને નહીં પરંતુ એક પૂરા કુટુંબને અસર કરતા રહે છે. આવી ગેરકાયદેસરની પ્રવૃતી સદંતર બંધ કરાવવા અમરેલી જિલ્લા પોલીસ દ્વારા ગેરકાયદેસર વ્યાજખોરી અંગે આ જનસંપર્ક સભાનું આયોજન કરવામાં આવેલ છે.

જનસંપર્ક સભામાં વ્યાજખોરીને લગતી કોઈ પણ પ્રકારની તકલીફો કે ફરીયાદ હોય તો સીધા આ જનસંપર્ક સભામાં નિર્ભયપણે ભાગ લઈ પોતાની રજુઆત કરી શકશે અને આ રજુઆત અરજી આધારે નિરાકરણ કરી અને તેઓને ન્યાય અપાવવા માટે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા કામગીરી કરવામાં આવશે. તેમજ આ જન સંપર્ક સભામાં નાણાની જરૂરીયાત બાબતે રાષ્ટ્રીયકૃત બેંકો તથા સહકારી બેંકોના પ્રતિનિધીઓ, જિલ્લા ઉદ્યોગકેન્દ્રનાં અધિકારીઓ તથા જિલ્લામાં આ પ્રકારની લોન સહાય આપતા અન્ય સહકારી વિભાગોનાં પ્રતિનિધિઓ હાજર રહી અરજદારોને વ્યાજબી લોન સહાય તથા સરકારની વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન આપનાર છે.

જેથી આ જનસંપર્ક સભામાં ભાગ લેવા માટે અમરેલી જિલ્લાનાં નાગરિકોને અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ દ્વારા અપીલ કરવામાં આવે છે.

# નાના માચીયાળા ગામે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

નાના માચીયાળા, તા.૨૭

નાના માચીયાળા ગામે પ્રાથમિક શાળા તેમજ માધ્યમીક શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં રૂટ અધિકારી એલ.એચ.પીપળીયા સાહેબ, લાયઝન અધિકારી શરદભાઈ મકવાણા તેમજ વનરાજભાઈ કોઠીવાળ, વનરાજભાઈ ડાંગર, વિજયભાઈ ડાંગર તથા ગામના આગેવાનો તથા પ્રાથમિક શાળાનાં આચાર્ય વિશાલભાઈ ભટ, માધ્યમીક શાળાનાં આચાર્ય ધારાબેન તથા સ્કૂલના તમામ સ્ટાફ હાજર રહ્યા હતા.

શાળામાં બાળકોને ગામના આગેવાનો દ્વારા ઈનામો આપીને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. જે



અંતર્ગત ગામના તલાટીમંત્રી પારૂલબેન તથા આરોગ્યમાંથી કેયુરભાઈ, આંગણવાડી કર્મચારી, આશાકાર્યકર તથા ગામના લોકો ઉપસ્થિત રહેલા હતા. જે સ્થાનિક આરોગ્ય કર્મચારી કેયુરભાઈની યાદીમાં જણાવેલ છે.

## બાબરા : ડો. અબ્દુલકલામ શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૭

ડો. અબ્દુલ આજ રોજ તા. ૨૬/૦૬/૨૦૨૪ના રોજ ડો.અબ્દુલ કલામ શાળા નં–૪ બાબરામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં સરકારી કોલેજના પ્રિન્સીપાલ મેહુલભાઈ પંડયા તથા લાયઝન અધિકારી શિવકુભાઈ ખાચર હાજર રહેલ, કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિમાં ભા.જ.પ. મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા તથા ભાજપ શહેર પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા તથા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર તથા અશ્વિનભાઈ તથા એસ.એમ.સી. અધ્યક્ષ ભૂપતભાઈ બસીયા તથા અન્ય મહાનુભાવોએ તથા ધોરણ ૧ માં બાળકોને પ્રવેશ આપવામાં આવેલ. જેમાં આંગણવાડીમાં ૪ બાળકોને પ્રવેશ આપવામાં આવેલ. એમ કુલ ૧૬ બાળકોને મહાનુભાવો દ્વારા પ્રવેશ આપવામાં આવેલ. આ પ્રસંગે શૈક્ષણિક વર્ષ દરમિયાન પ્રથમ બીજો અને ત્રીજો ક્રમે આવેલ બાળકોને મહાનુભાવો દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ વર્ષ દરમિયાન પૂરક પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખવા કરેલ બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવેલ શાળામાં વારંવાર મદદરૂપે દાન આપતા દાતાનું સન્માન કરવામાં આવ્યું કાર્યક્રમનું સમગ્ર સંચાલન શાળાનં ૪ ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યં. અને શાળાના આચાર્ય પ્રકાશભાઈ રાઠોડ દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યા.

## દેશમાં ચોમાસાએ પકડી રફ્તાર

# દિલ્હી, મહારાષ્ટ્ર, યુપી, બિહાર સહિતના રાજ્યોમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

**નોઈડા, ગાઝિયાબાદ સહિત સમગ્ર NCRમાં અનરાધાર વરસાદ વરસ્યો : લાંબો સમય રાહ જોવડાવ્યા બાદ વરસાદ**

નવી દિલ્હી, તા.૨૭

કાળઝાળ ગરમી સહન કર્યા બાદ ચોમાસાની આતુરતાથી રાહ જોઈ રહેલા દેશવાસીઓને હૈયે હવે ઠંડક વળી છે. રાજધાની દિલ્લી, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને બિહાર સહિતના રાજયોમાં મેઘરાજાનું ધમાકેદાર આગમન થયું છે. દેશની રાજધાની દિલ્લી અને નોઈડા, ગાઝિયાબાદ સહિત સમગ્ર દ્રઝઈમાં અનરાધાર વરસાદ વરસ્યો. આ તરફ મહારાષ્ટ્રમાં પણ ફરી એક વખત ચોમાસું જામ્યું છે. મહારાષ્ટ્રમાં મોડી રાતથી જ વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે મુંબઈગરાઓ ખુશખુશાલ થઈ ઉઠ્યા છે. આ તરફ ઉત્તર પ્રદેશમાં પણ અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ વરસ્યો. બિહારમાં વરસાદમાં ત્રાટકેલી વીજળી અનેક લોકો માટે જીવલેણ સાબિત થઈ. આગામી દિવસોમાં ભારે વરસાદની શક્યતાને પગલે દ્રઢઈહ્નની ટીમોને પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

સૌ પહેલા વાત કરીએ રાજધાની દિલ્લીની તો દિલ્લીમાં વહેલી સવારથી જ મેઘરાજાએ સટાસટી બોલાવી. દિલ્લી ઉપરાંત નોઈડા, ગાઝિયાબાદ, ફરીદાબાદ સહિત સમગ્ર દ્રઝઈમાં ભારે વરસાદ વરસ્યો. જેના કારણે અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા. દિલ્લીના તમામ મુખ્ય વિસ્તારો અવિરત વરસાદને કારણે પાણીથી તરબતર જોવા મળ્યા. જેના કારણે દિલ્લીવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો. બીજી તરફ ભારે વરસાદને કારણે જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં પણ મોટા પાયે પાણી ભરાયા. જેના કારણે ખેલાડીઓને મુશ્કેલી પડી. IMDની આગાહી અનુસાર, આખા સપ્તાહ દરમિયાન દિલ્હીમાં વરસાદની ગતિવિધિઓ જોવા મળશે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ દિલ્લીમાં ૨૮ અને ૨૯ જૂને મધ્યમ વરસાદની શક્યતા છે જ્યારે ૩૦ જૂને ભારે વરસાદની સંભાવના છે. ૧ અને ૨ જૂને વાવાઝોડા સાથે વરસાદ પડશે. IMD અનુસાર, ૨૮ અને ૩૦ જૂન વચ્ચે દિલ્લીમાં વાવાઝોડા સાથે ભારે વરસાદની સંભાવના છે.

આ અઠવાડિયા દરમિયાન દિલ્લીનું મહત્તમ તાપમાન ૩૪ થી ૩૮ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૭ થી ૩૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે.

બીજી તરફ બિહારમાં અનેક લોકો માટે જીવલેણ બની વીજળીપ બિહારના ૬ જિલ્લાઓમાં વીજળી પડવાને કારણે ૮ લોકોના મોત નિપજ્યા છે. બિહારના ભાગલપુર, મુંગેર, જમુઈ, પૂર્વ ચંપારણ, પશ્ચિમ ચંપારણ અને અરરિયા જિલ્લાઓમાં આ મોત થયા છે. બિહારના સીએમ નીતિશકુમારે વીજળી પડવાથી આઠ લોકોનાં થયેલા મોત અંગે દુઃખ વ્યક્ત કર્યુ. મુખ્યપ્રધાનના કાર્યાલયે કરેલી જાહેરાત મુજબ મૃતકોના પરિવારજનોને ચાર લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે. સીએમ નીતિશકુમારે ખરાબ હવામાન દરમિયાન લોકોને ઘરમાં રહેવાની સલાહ આપી છે.

રીલ્સ બનાવવાની ઘેલછા યુવા પેઢી માટે મોતનું કારણ બની રહી છે. તેમ છતાં યુવા પેઢીમાં રીલ્સ બનાવવાનું ગાંડપણ ઘટવાને બદલે વધી રહ્યું છે. બિહારના સીતામઢીમાંથી આવો જ એક હેરાન કરનાર વીડિયો સામે આવ્યો છે. જેમાં એક યુવતી ધોધમાર વરસાદમાં ભીંજાઈને ટેરેસ પર રીલ બનાવી રહી હતી. આ દરમિયાન આકાશમાંથી ગર્જના કરતી વીજળી પડી હતી. કડાકા સાથે વીજળી ત્રાટકતા જ યુવતી રીલ્સ બનાવવાનું પડતું મુકીને ડરીને ઘરની અંદર ભાગી ગઈ. આ ઘટના જિલ્લાના બેલા પોલીસ સ્ટેશન વિસ્તારના સિરસિયા ગામમાં બની. યુવતી ટેરેસ પર રીલ રેકોર્ડ કરી રહી હતી, બરાબર ત્યારે જ વીજળી ત્રાટકી. વીજળી ત્રાટકવાની આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ.

આ તરફ મહારાષ્ટ્રમાં પણ વિરામ બાદ ફરી મેઘરાજાની સવારી આવી પહોંચી. ઈસ્ટર્ન એક્સપ્રેસ-વે સહિતના વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ વરસ્યો. જેના કારણે મુંબઈગરાઓમાં ફરી આનંદની લાગણી છવાઈ ગઈ છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં મુંબઈ સહિત મહારાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી વ્યકત કરી છે.

# બાબરા ખાતે પ્રવેશોત્સવ અંતર્ગત વૃક્ષારોપણ કરતા ભુપેન્દ્રભાઈ બસિયા

બાબરા, તા.૨૭

બાબરાતાલુકામાંતા.૨૬થી ૨૮ જૂન કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે બે દિવસથી શહેર તાલુકાના અને જિલ્લાના રાજકીય અગ્રણીઓ અધિકારીઓ શાળામાં બાળકોનું નામાંકન કરી શાળા પ્રવેશ કરાવી રહ્યા છે.ત્યારે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની સાથે પર્યાવરણનું પણ એટલુંજ મહત્વ આપવામાં આવી રહ્યું છે અહીં શાળામાં મેદાનમાં શાળા પ્રવેશોત્સવ પૂર્ણ થયે અગ્રણીઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા શહેર અને તાલુકાની વિવિધ શાળામાં કન્યા કેળવણી કાર્યક્રમમાં હાજરી આપી વૃક્ષારોપણ કર્યુ હતુ અહીં કમશલી હાઈસ્કૂલ ખાતે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

વૃક્ષારોપણ કરી તેઓએ શિક્ષણની સાથે પર્યાવરણનું જતન કરવા એક વ્યક્તિએ એકવૃક્ષ વાવી તેનું જતન કરી ઉછેર કરવા અનુરોધ કર્યો હતો.

## પ્રાંગણમાં પરિવાર સાથે વૃક્ષારોપણ કર્યુ

# ભૂપેન્દ્ર પટેલે નિવાસના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યુ

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોતાના પરિવારજનો સાથે ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસના પ્રાંગણમાં ગુરૂવારે વૃક્ષારોપણ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પ્રેરિત 'એક પેડ માં કે નામ' અભિયાનમાં સહભાગી થયા હતા.વડાપ્રધાને તાજેતરમાં પાંચમી જૂન, વિશ્વ પર્યાવરણ દિવસે 'એક પેડ માં કે નામ' અભિયાન શરૂ કરાવીને ભારતના અને વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવાનું આહવાન કર્યું છે.

પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથોસાથ, વાતાવરણ શુદ્ધિ માટે પ્રાણવાયુ-ઓક્સિજન અને વધુ વરસાદ લાવવામાં વૃક્ષોનું મહત્વનું પ્રદાન રહેલું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપણા રોજિંદા જીવનમાં પણ પર્યાવરણ પ્રિય જીવનશૈલી અપનાવવા 'મિશન લાઈફ'ની પ્રેરણા આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ વડાપ્રધાનના પર્યાવરણ પ્રિય વિચારોને આત્મસાત કરીને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ તથા ગ્રીન કવરની વૃદ્ધિ માટે 'એક પેડ માં કે નામ' અભિયાનમાં પોતાના પરિવાર સાથે જોડાયા હતા.મુખ્યમંત્રીએ પોતાના નિવાસ સ્થાને વૃક્ષારોપણ થકી રાજ્યના સૌ નાગરિકોને પણ આ અભિયાનમાં સહભાગી થવાની પ્રેરણા આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દરેક અભિયાનમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે, તેમ 'એક પેડ માં કે નામ' અભિયાનને પણ સૌ ગુજરાતીઓ વ્યાપક પ્રતિસાદ આપીને સફળ બનાવશે અને અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો.

# બાબરામાં કમળશી હાઈસ્કૂલ ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં સરકારી કમળશી હાઈસ્કૂલ ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી અહીં કોલેજનાં આચાર્ય મેહુલ કુમાર પડયાનાં અધ્યક્ષ સ્થાને યોજાય હતી. અહીં તાલુકા કુમાર શાળા આગળવાડી તેમજ હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવામા આવ્યો હતો. આ તકે નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ મુનાભાઈ મલકાણ, એડવોકેટ પ્રતાપભાઈ ખાચર સહિત શાળાનાં આચાર્ય અને શિક્ષક ભાઈઓ બહેનો વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાબરા ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ મુનાભાઈ મલકાણ દ્વારા કન્યા કેળવણી મહોત્સવમાં અહીં તાલુકા કુમાર શાળા કન્યા શાળા તેમજ કે પી આશરા શાળા અને કમશલી હાઈસ્કૂલ માં વિદ્યાર્થી માટે શિલ્ડ એનાયત કરવામાં આવતા શાળા પરિવાર દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## લીલીયામોટામાં અંધેર નગરી અને ગંડુરાજાની કહેવત સાર્થક

# લીલીયામોટાનાં ગ્રામજનો ૧૨ વર્ષથી ભૂગર્ભ ગટરની સમસ્યા સામે ઝઝુમે છે

**ચેમ્બર દ્વારા ભૂગર્ભ ગટર પ્રશ્ને આજે સજ્જડ બંધનું એલાન**

**રાજકીય આગેવાનો એકબીજા પર આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરી જવાબદારીમાંથી હાથ ખંખેરી રહ્યા છે**

**ધારાસભ્યથી લઈ સાંસદ શાસક પક્ષનાં હોય તેમણે સમસ્યા દૂર કરવા આગળ આવવું જોઈએ**

**મુખ્યમંત્રીએ ભૂગર્ભ ગટરની સમસ્યાને લઈ સ્પેશ્યલ ટીમની રચના કરવી જરૂરી**



લીલીયા મોટા, તા. ૨૭

લીલીયા શહેરમાંથી આગેવાન સ્વ. ખોડીદાસ ઠક્કરનાં અવસાન બાદ શહેરની માઠી બેઠી હોય તેમ અંધેર નગર ગંડુરાજા જેવી સ્થિતિ નિર્માણ થવા પામેલ છે. તેવા સમયે પંચાયતથી પાર્લામેન્ટ સુધીની નેતાગીરી નમાલી સાબિત થઈ રહી છે. શહેરમાં ૧૫ જેટલા વોર્ડમાં કરોડો રૂપિયાનાં ખર્ચે ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી અતિ નબળી અને તમામ નિયમો નેવે મુકી કરવામાં આવી હોવાથી પાછલા બાર–બાર વર્ષથી ભૂગર્ભ ગટરનાં ઉભરાતા ગંદા પાણી શહેરીજનો માટે માથાના દુઃખાવા સમાન બની જવા પામેલ છે. જેને લઈ આજે ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ પરીનભાઈ સોનીએ શહેર સજ્જડ બંધનું એલાન આપ્યું છે અને બપોર બાદ શહેરમાં રીક્ષા ફેરવી વેપારીઓએ પોતાના ધંધા રોજગાર બંધ રાખવા પણ અપીલ કરવામાં આવી છે.

વર્તમાન સમયમાં મેઈન બજાર, સ્ટેશન રોડ, નાવલી બજાર,

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ફાયર સેફટીનાં અભાવે વેપારીઓનાં ધંધા ઠપ્પ

# અમરેલીનાં લાઠી માર્ગ પર આવેલ કિસ્મત કોમ્પ્લેક્ષને સિલ મારી દેવાયું

**ફાયર વિભાગની નોટીસ અવગણાના કરાઈ**

અમરેલી, તા. ૨૭

અમરેલીમાં આવેલ અનેક કોમ્પ્લેકક્ષ સામે કાર્યવાહી હાથ ધરાય છે. ત્યારે અમરેલી શહેરના લાઠી રોડ ઉપર આવેલ વધુ એક કોમર્શિયલ કોમ્પ્લેક્ષને ફાયર વિભાગે સીલ મારી દેતા ફફડાટ ફેલાયો છે.

આ બનાવમાં અમરેલી શહેરના લાઠી રોડ ઉપર આવેલ અને શાળા કોલેજ નજીક આવેલ અને આશરે પાંત્રીસ જેટલી દુકાન ધરાવતા કિસ્મત કોમ્પ્લેક્ષ નામના કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં ફાયર સેફટીની સુવિધા ના હોવાના કારણે આ કોમર્શિયલ કોમ્પ્લેક્ષને અગાઉ ફાયર સેફટી ઉભી કરવા બાબતે ફાયર વિભાગ નોટીસ ફાળવવામાં આવેલ હતી. જે કોમર્શિયલ કોમ્પ્લેક્ષ દ્વારા આ નોટીસની



અવગણના કરી આજ દિન સુધી ફાયર સેફટી સુવિધા વસાવેલ ના હોય, તથા ફાયર સેફટી સર્ટીફીકેટ મેળવેલ ના હોય તેથી અમરેલી ફાયર તથા સમગ્ર કમિટી મેમ્બરની ટીમ દ્વારા સંપૂર્ણ આ કોમ્પ્લેક્ષને સીલીંગ હાથ ધરવામાં આવેલ હતી. અમરેલી શહેરમાં છેલ્લા એક મહિનાથી ફાયર સેફટી નહી ધરાવતતા અનેકો કોમ્પ્લેક્ષ સામે ફાયર વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરાય છે.

## પાલિકા કચેરીમાં આંદોલન કરનાર સફાઈ કામદારે મોં ખોલ્યુ

# હોય નહી : સાવરકુંડલા પાલિકાના હંગામી સફાઈ કામદારોને કાયમી કરવાનાં નામે રૂપિયા ૨૪ લાખનાં ઉઘરાણા થયાનો આક્ષેપ

**બે વર્ષ પહેલાનાં એક અધિકારી અને પદાધિકારીનાં પતિ સામે ગંભીર આક્ષેપ**



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા નગરપાલિકાના સફાઈ કામદારોને કાયમી કરવાના મુદ્દે પાલીકાના સેનિટેશન વિભાગના કર્મચારી અને પાલિકાના સભ્ય પતિએ કાયમી કરવાના મુદ્દે ૨૪ લાખનો ભ્રષ્ટાચાર કર્યા નો આક્ષેપ સફાઈ કામદારે કરતા પાલિકાના રાજકારણમાં ચકચાર મચી છે.

આ અંગે મળતી હકીકત એવા પ્રકારની છે કે સાવરકુંડલા નગરપાલિકાના સફાઈ કામદારો છેલ્લા થોડા સમયથી ઉપવાસ આંદોલનમાં બેઠા છે ત્યારે નગરપાલિકાના પટાંગણમાં સફાઈ કામદારો દ્વારા ખુલ્લેઆમ કહેવામાં આવ્યું છે કે અમોને લાલચ આપી સેનિટેશન વિભાગના કર્મચારી અને નગરપાલિકાના હોદેદારના પતિ એ સફાઈ કામદારને રોજમદાર માટે કાયમી કરી આપવા માટે કુલ રૂપિયા ૨૪ લાખનો ભ્રષ્ટાચાર કર્યાનો આક્ષેપ રોજમદાર સફાઈ કામદાર એ કર્યો હતો. જેમાં એમાં સફાઈ કામદાર કપિલભાઈ જયંતીભાઈ શેલડીયા પાસેથી રૂપિયા ૭, લેવામાં આવ્યા છે ત્યારે બીજા અન્ય કર્મચારી પાસેથી રૂપિયા ચાર લાખ તેમજ બીજા કર્મચારી પાસે તો ૩ લાખ અને એકબીજા પાસેથી દોઢ લાખ એમ કુલ મળીને જુદા જુદા સફાઈ કામદારો પાસેથી રૂપિયા ૨૪ લાખનો ભ્રષ્ટાચાર કર્યાનો સફાઈ કામદાર એ આપ્યો હતો.

આ અંગે સફાઈ કામદારે એમ પણ જણાવેલ હતું કે અમે કાયમી થવા માટે પૈસા આપ્યા છે છતાં પણ અમને કાયમી કેમ કરવામાં આવતા નથી એવી માંગ સાથે નગરપાલિકાના પટાંગણમાં સામુહિક સફાઈ કામદારો ઉપવાસ આંદોલન ઉપર ઉતરી ગયા છે.

અત્રે એ વાતનું ઉલ્લેખનીય છે કે સફાઈ કામદારો પાસે રોજમદાર માંથી કાયમી કરવા માટે રૂપિયા ૨૪ લાખ રૂપિયા ખુલ્લેઆમ સફાઈ વિભાગના હેડ ગણાતા પદાધિકારીના પતિએ ખુલ્લેઆમ લીધાનો આક્ષેપ થઈ રહ્યો છે ત્યારે કાલે જવાબદારો કેમ મૌનસેવી રહયા છે થેવો વેધક સવાલ ઉભો થયો છે.

રોજમદર સફાઈ કામદારો પાસે કાયમી કરવા માટે રૂપિયા ૨૪

**અનુસંધાન પાના ૬ ઉપર**

## પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતનું નિવેદન

# લીલીયામોટાની ભૂગર્ભ ગટરની સમસ્યા દૂર કરવા 3 વર્ષ પહેલા રજૂઆત કરી હતી

**વર્તમાન ધારાસભ્ય અને સાંસદ ખોટો જશ મેળવે છે**

અમરેલી, તા. ૨૭

લીલીયા મોટાનાં ગામજનો માટે માથાના દુઃખાવારૂપ બનેલ ભૂગર્ભ ગટરનો પ્રશ્ન હજુ દૂર તો થયો નથી પરંતુ કોના પ્રયાસથી જેટિંગ મશીન મળેલ છે તેને લઈને નિવેદનબાજી શરૂ થઈ છે.

પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત કહે છે કે તેઓએ ૮ ઓકટોબર



૨૦૨૧માં તેઓને તેમની રજૂઆત બાદ સરકાર તરફથી કાર્યવાહી શરૂ થયાનું જણાવાયું હતું. એટલે વર્તમાન ધારાસભ્ય કે સાંસદનાં પ્રયાસથી જેટિંગ મશીન મળેલ નથી. જે અગાઉની પોતાની રજૂઆતને લઈને કાર્યવાહી થઈ રહી છે તેમ પૂર્વ ધારાસભ્યએ અંતમાં જણાવેલ છે.

## પાલિકા અને માર્ગ–મકાન વિભાગ ધ્યાન આપે

# દામનગરમાં બિસ્માર માર્ગનાં લીધે વાહન ચાલકો અને શહેરીજનો પરેશાન

**વિકાસની વાતો નહી વિકાસને વાસ્તવિક બનાવો**



દામનગર, તા.૨૭

દામનગર શહેરમાં આવેલ કન્યાશાળા પોલીસ સ્ટેશનની સામે આવેલ ચોકડી (ચાર રસ્તા.) પર સ્પીડ બ્રેકરો બનાવવામાં આવે તે પણ નિયમ પ્રમાણે અને અમરેલી જિલ્લા પંચાયત હસ્તકનાં આ માર્ગ પર આવેલ પોલીસ સ્ટેશનની સામેના રસ્તા ઉપર પડેલા

**અનુસંધાન પાના ૬ ઉપર**












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)